RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર


MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક


Year : 14, Issue : 293, Dt.31-01-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI



# રાજકોટ મનપાનું ૨૮૧૭.૮૧ કરોડનું બજેટ રજૂ કરતાં મ્યુનિસિપલ કમિશનર




**નવા નાણાંકીય વર્ષનું પ્રસ્તાવિત બજેટ સ્ટે.ચેરમેન જયમીન ઠાકરને સુપરત કરતાં મ્યુ. કમિશનર આનંદ પટેલઃ ૧૭.૭૭ કરોડના નવા કરવેરા વધારવા માટેની દરખાસ્તઃ મિલ્કત અને વાહન વેરો યથાવતઃ પાણી અને ગાર્બેજ કલેકશનમાં વધારાની દરખાસ્તઃ કટારિયા ચોકડી પરના બ્રિજ માટે રૂ.૧૩૫ કરોડ, રૈયાથી સ્માર્ટ સિટી તરફ જતાં રોડ પર બ્રિજ નિર્માણ માટે રૂ.૧૩ કરોડ, સાંઢિયા પુલના નિર્માણ માટે રૂ.૬૩ કરોડ, નવા રીંગ રોડ પરના ત્રણ બ્રિજ પહોળા કરવા માટે રૂ.૧૦ કરોડ, આજી રિવરફ્રન્ટ માટે રૂ.૪૯ કરોડ અને લાલપરી તેમજ રાંદરડા તળાવના ડેવલપમેન્ટ રૂ.૨૦ કરોડની જોગવાઈ**






(તસ્વીરઃ આનંદ જાવિયા)



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૪-૨૫નું રૂા.૨૮૧૭.૮૧ કરોડનું બજેટ આજે મ્યુનિ. કમિશ્નર આનંદ પટેલે મહાનગરપાલિકાની સ્ટે.કમીટીના ચેરમેન જયમીન ઠાકરને સોંપેલ હતું. મહાનગરપાલિકાના આ બજેટમાં રૂા.૧૭.૭૭ કરોડના કરવેરા વધારવા માટે મ્યુનિ. કમિશનર આનંદ પટેલ દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે.

મહાનગરપાલિકાના આ બજેટમાં શહેરના વિકાસને નવી દિશા આપવા માટે અનેક નવી યોજનાઓ-વિકાસ કામોની જોગવાઇ કરવામાં આવી છે. તેની સામે ૧૭.૭૭ કરોડનો નવા કરબોજ માટે દરખાસ્ત મૂકવામાં આવેલ છે. જેમાં મિલ્કત વેરો યથાવત રાખવામાં આવેલ છે. જયારે રહેણાંકમાં પાણી વેરામાં રૂા. ૧૫૦૦નો ચાર્જ હાલ લેવાઇ રહ્યો છે.

તેમાં વધારો કરી રૂા.૧૬૦૦ કરવાની દરખાસ્ત મૂકવામાં આવી છે આવી જ રીતે કોમર્શિયલ પાણી વેરાના દરોમાં પણ વધારો સૂચવવામાં આવેલ છે. કોમર્શિયલ પાણી વેરામાં રૂા.3000નો હાલ ચાર્જ લેવામાં આવી રહ્યો છે તેમાં વધારો કરી ૩૨૦૦નો ચાર્જ લેવા માટે દરખાસ્ત કરવામાં આવી છે.

મ્યુનિ. કમિશ્નર આનંદ પટેલનું આ પ્રથમ બજેટ છે. જેમાં શહેરમાં જુદી જુદી નવી યોજનાઓ મૂર્તિમંત કરવા માટે દરખાસ્ત મૂકવામાં આવી છે. જેમાં રૈયાથી સ્માર્ટ સીટી તરફ જતા રોડ પરના બ્રીજ માટે રૂા. ૧૩ કરોડની જોગવાઇ કરાયેલ છે. આ જ રીતે સાંઢીયા પુલને નવો બનાવવા માટે રૂા. ૬૩ કરોડની જોગવાઇ કરાયેલ છે. જયારે નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર ત્રણ જેટલા બ્રીજને પહોળા કરવા માટે રૂા.૧૦ કરોડ તેમજ કાલાવડ રોડ પરની કટારીયા ચોકડીએ બ્રીજ નિર્માણ માટે રૂા. ૧૬૫ કરોડ જોગવાઇ કરવામાં આવી છે.

આવી જ રીતે શહેરના પી.ડી.એમ. ફાટક પર બ્રીજના નિર્માણ માટે રૂા. ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. તેની સાથોસાથ શહેરની શાન વધુ વિસ્તરે તે માટે આજી રીવરફ્રન્ટ બનાવવા માટે રૂા. ૧૮૭ કરોડ, લાલપરી તળાવના ડેવલપમેન્ટ માટે રૂા.૧૨૦ કરોડ, સ્માર્ટ સીટીમાં શહીદ પાર્ક બનાવવા માટે રૂા. ૫ કરોડ ઉપરાંત મોટા મવામાં તળાવના નિર્માણ માટે રૂા.૮.૫૦ કરોડ તેમજ માધાપર વિસ્તારમાં સ્પોર્ટ સંકુલના નિર્માણ માટે રૂા. ૧.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

તેની સાથોસાથ શહેરના વિકસીત અને નવા વિસ્તારોમાં આરોગ્ય કેન્દ્રો અને લાયબ્રેરીની સુવિધા વિકસાવવા માટે પણ ખાસ જોગવાઇ કરવામાં આવી છે. આ ઉપરાંત પાણી પુરવઠા, ડ્રેનેજ, તળાવ, રોડ, રસ્તા સહિતના વિકાસ કામો માટે પણ ખાસ બજેટ અલગથી ફાળવી જોગવાઇ કરવામાં આવી છે.

## ૧૭૫ નવી ઈલેક્ટ્રિક બસ અને ૧૦૦ સીએનજી બસ ફાળવવાની જાહેરાત

રાજકોટ મનપાના કમિશનર આનંદ પટેલે જણાવ્યું હતું કે, આજે ૨૮૧૭.૮૦ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવ્યું છે. પીવાના પાણીની સુવિધા, સ્વચ્છતા અને પર્યાવરણ તેમજ શહેરી પરિવહન સુવિધા સુદ્રઢ બનાવવા પર ભાર મુકવામાં આવ્યો છે. વોટર મેનેજમેન્ટ માટે વોટર ઓપરેશન અને મેઈન્ટેનન્સ સેલ, જળ સંચય સેલ, નવા પાણીના સ્ત્રોત શોધવા, જનભાગીદારીથી જળ સંવર્ધન પર કામ કરવામાં આવશે. જ્યારે પરિવહન સુવિધાને ધ્યાનમાં રાખી ૧૭૫ નવી ઈલેક્ટ્રિક બસ અને ૧૦૦ ઈગ્રન્ક બસ ફાળવવાની જાહેરાત કરવામાં આવી છે.

## શાસકો દ્વારા ૩૯.૩૭ કરોડના કરબોજ વાળું બજેટ રજુ કરાયું હતું

રાજકોટ મનપાના બજેટમા ટ્રાફિક સમસ્યાને ધ્યાનમાં રાખી ૧૫૦ ફૂટ રિંગરોડ પર રૈયા ટેલિફોન એક્સચેન્જ ખાતે ૧૦ કરોડના ખર્ચે ઓવરબ્રિજ બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. સાથે મોટામવા સ્મશાન નજીક પાર્કિંગ વ્યવસ્થા માટે ૬ કરોડના ખર્ચે પાર્કિંગ સુવિધા તૈયાર કરવામાં આવ્યા. આમ ડ્રાફ્ટ બજેટના અભ્યાસ બાદ આજે રાજકોટ મહાનગર પાલિકાના નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪નું ૨૬૩૭.૮૦ કરોડનું બજેટ સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજુર કરવામાં આવ્યું હતું. જેમાં શાસકો દ્વારા ૩૯.૩૭ કરોડના કરબોજ વાળું બજેટ રજુ કરાયું હતું.

## ગત વર્ષે ૨૬૩૭.૮૦ કરોડનું બજેટ મંજુર કરવામાં આવ્યું હતું

રાજકોટ સ્ટેન્ડિંગ કમિટી દ્વારા નાણકીય વર્ષ ૨૦૨૩-૨૪ નું બજેટ જાહેર કરાયું હતું. વર્ષ ૨૦૨૩-૨૪ નું ૨૬૩૭.૮૦ કરોડનું બજેટ મંજુર કરવામાં આવ્યું હતું. વાર્ષિક પાણીવેરો બમણો કરી ૮૪૦ના બદલે ૧૫૦૦ રૂપિયા કરવામાં આવ્યો હતો.

## વાહન વેરામાં કોઈ વધારો નહિ

ચાલુ વર્ષમાં આજીવન વાહન વેરો એડવોલેરમ પદ્ધતિ મુજબ રૂ. ૯૯ હજાર ૯૯૯ સુધીની કિંમતના વાહનમાં ૧.૫% મુજબ તથા રૂ.૧ લાખથી રૂ.૭.૯૯ લાખ સુધીની કિંમતના વાહનમાં ૨.૫% મુજબ તથા ૮ લાખથી વધુ કિંમતના વાહનમાં 3% મુજબ અંદાજીત આવકનો લક્ષ્યાંક રૂ.૨૮ કરોડ હતો. આજ સુધીમાં રૂ.૨૩.૧૫ કરોડ જેટલી વસુલાત થઈ ગઇ છે. આ વર્ષના અંતે રૂ.૨૮ કરોડ થવાનો અંદાજ છે. જયારે આગામી વર્ષમાં વાહનવેરાની આવક રૂ.30 કરોડ થવાની સંભાવના છે.

## બજેટની હાઈલાઈટ

- ★ પાણીના સ્ત્રોત વધારવાનું મુખ્ય લક્ષ્યાંક
- ★ નાકરાવાડી તેમજ આજી-૧ ખાતે નવું અર્બન ફોરેસ્ટનું નિર્માણ
- ★ ૧૦૦ ઇલે. બસ મળશે
- ★ ૧૬ કરોડના ખર્ચ ચાર્જીંગ સ્ટેશનનું નિર્માણ
- ★ ૮ કરોડના ખર્ચે સીએનજી બસ ડેપો બનશે
- ★ મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાસે બ્યુટીફીકેશન કરાશે
- ★ સૌરાષ્ટ્રના શહિદોને શ્રદ્ધાંજલિ રૂપે શહિદ પાર્કનું નિર્માણ કરાશે
- ★ ૨૮.૫૦ કરોડના ખર્ચે શહેરનાં ત્રણ તળાવોનું બ્યુટીફીકેશન
- ★ ૨૦૨૪-૨૫માં શહેરમાંથી ડિઝલબસ નાબુદ કરાશે
- ★ આજી રીવરફ્રન્ટ માટે ૪૯ કરોડની ફાળવણી
- ★ શહેરના ૨૫ સર્કલને ૧ કરોડના ખર્ચે ડેવલપ કરાશે
- ★ યુવા વર્ગને પ્રોત્સાહીત કરવા ઇનોવેટીવ એવોર્ડ અપાશે
- ★ સુકન્યા સહાય યોજના અંતર્ગત મનપા શાળાની દિકરીઓને રૂા. ૧ હજાર અપાશે
- ★ કટારીયા ચોકડી પર ૧૩૫ કરોડના ખર્ચે આઇકોનિક બ્રિજનું નિર્માણ
- ★ પીડીએમ કોલેજ તેમજ સાંઢીયા પૂલ પર ૧૬૩ કરોડના ખર્ચે નવો બ્રિજ બનશે
- ★ પેડક રોડ ૫ કરોડના ખર્ચે ગૌરવ બનશે
- ★ શહેરમાં પેલેસ રોડ અને ભક્તિનગર સર્કલ પાસે અનુક્રમે ૩.૫ કરોડ તથા ૨.૮ કરોડના ખર્ચે સ્ટ્રીટ ફૂડનું નિર્માણ
- ★ ૧૫૦ કરોડના ખર્ચે પ્રથમ રિંગરોડ ડેવલપ કરાશે
- ★ શહેરમાં ૩ યોગા સ્ટુડીયોનું નિર્માણ
- ★ માધાપર પાસે ૧.૫૦ કરોડના ખર્ચે સ્પોટસ ફેસેલીટી સંકુલ બનશે
- ★ વોર્ડ નં.૩માં સફાઇ કામદારો માટે નવા હોલનું નિર્માણ
- ★ ૧૦ કરોડના ખર્ચે ૭ વોર્ડમાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર થપાશે
- ★ ૬ સિટી સિવીક સેન્ટરને આધુનિક કરાશે
- ★ શહેરના જુદા-જુદા ૪ વોર્ડમાં ચાર કરોડના ખર્ચે નવી વોર્ડ ઓફિસ ઉભી થશે
- ★ ૧ કરોડના ખર્ચે વોર્ડ નં.૧૨માં ગ્રીન લાઇબ્રેરીનું નિર્માણ
- ★ શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં ૭૫૦ સીસીટીવી કેમેરા મુકાશે
- ★ નવા બે રેન બશેરાનું નિર્માણ
- ★ આગણવાડીમાં ૨૮ લાખના ખર્ચે રમકડા વસાવાશે

## શહીદોને શ્રધ્ધાંજલિ આપવા શહીદ પાર્કનું નિર્માણ કરાશે

રાજકોટ શહેરના સ્માર્ટસિટી એરીયામાં ગુજરાતના દેશભક્તો અને શહીદોને સમર્પિત એક શહીદ પાર્ક બનાવવાથી શહેરીજનો તથા ખાસ કરીને વિદ્યાર્થી બાળકોને ઇતિહાસ વિશે માહિતગાર કરી શકાશે. તેમજ સૌરાષ્ટ્રના તમામ નામી અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓને આદરપૂર્વક ભાવાંજલી આપી શકાશે. આ ઉપરાંત તેમાં ગુજરાતના નાયકોની વસ્તુઓ અને ઇતિહાસ દર્શાવતું ગેલેરી અથવા સંગ્રહાલય, શહીદોની દીવાલ સાથે સ્મારક હોલ, સાંસ્કૃતિક કાર્યક્રમો માટે એક એમ્ફિથિયેટર, વગેરે જેવી સુવિધાઓ ઊભી કરવાનું આયોજન છે. આ પ્રોજેક્ટ માટે અંદાજીત રૂ.૫૦૦ લાખનો ખર્ચ અપેક્ષિત છે.


## પત્રકારોની બેઠક વ્યવસ્થા પર અધિકારીઓ ગોઠવાઈ જતા નારાજગી

આજે રાજકોટ મહાનગરપાલીકાનું ૨૦૨૪-૨૫નું પ્રસ્તાવિત અંદાજપત્ર મ્યુ.કમિશનર દ્વારા રજૂ કરાયું હતું. આ અંતર્ગત આજે મહાપાલીકાના સેન્ટ્રલ હોલ ખાતે પ્રેસબ્રિફિંગ કમિશનર દ્વારા યોજાયું હતું. પત્રકાર પરિષદ સમયે પત્રકારો માટેની બેઠક વ્યવસ્થા પર અધિકારીઓ ગોઠવાય જતા પત્રકારોને દૂર બેસાવનો વારો આવ્યો હતો. જેના કારણે કમિશનર ારા બજેટની લગતી જે દરખાસ્તો પર ચર્ચા કરવામાં આવી હતી. તે વાત પત્રકારો સુધી ન પહોંચતા પત્રકારોએ કમિશનર સમક્ષ નારાજગી વ્યક્ત કરી હતી. જોકે આ વાત કમિશનર આનંદ પટેલને ધયાનમાં આવતા તાત્કાલીક આ અંગે ઘટતું કરી પત્રકારોની આગળ બેસવાની વ્યવસ્થા કરી આપી હતી.

# સંસદનું બજેટ સત્ર શરૂઃ કાલે રજૂ થશે મોદી સરકારનું અંતિમ વચગાળાનું બજેટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આજથી સંસદના બજેટ સત્રનો પ્રારંભ થયો છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ ગુરુવારે આગામી નાણાકીય વર્ષ એટલે કે ૨૦૨૪-૨૫ માટે વચગાળાનું બજેટ રજૂ કરશે. આ બજેટમાંથી રાહતની બહુ અપેક્ષાઓ નથી, તેમ છતાં ટેકસમાં અને કેટલાક કિસ્સામાં રાહત મળી શકે છે. વધતી જતી મોંઘવારી વચ્ચે, સ્ટા હેઠળની મુકિતમાં વધારો થવાની ધારણા છે. બજેટમાં મહિલાઓ, ખેડૂતો અને ગ્રામીણ વિસ્તારો પર પણ ભાર મૂકવામાં આવી શકે છે.



સરકાર વચગાળાના બજેટમાં રાજકોષીય ખાધને જીડીપીના ૫.૩ ટકા સુધી સીમિત કરવાનું લક્ષ્ય રાખી શકે છે. બેન્ક ઓફ અમેરિકા સિકયોરિટીઝનું કહેવું છે કે સરકાર ખર્ચમાં કાપ મૂકવાને બદલે મૂડી ખર્ચ દ્વારા વૃદિધને વેગ આપીને રાજકોષીય ખાધ ઘટાડવાની તેની વ્યૂહરચના પર વળગી રહેવાનું પસંદ કરશે.

દેશના લગભગ ૬૦ ટકા ગ્રામીણ પરિવારો તેમની આજીવિકા માટે ખેતી પર નિર્ભર છે. પીએમ કિસાન સન્માન નિધિ હેઠળ આપવામાં આવેલી રકમની મર્યાદા વાર્ષિક ૯,૦૦૦ રૂપિયા સુધી વધી શકે છે, જે હાલમાં ૬,૦૦૦ રૂપિયા છે. ચાલુ નાણાકીય વર્ષ માટે રૂ. ૬૦,૦૦૦ કરોડનું અંદાજિત બજેટ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં વધારીને રૂ. ૭૦,૦૦૦-૭૫,૦૦૦ કરોડ કરવામાં આવી શકે છે.

# રાજકોટના ડીડીઓ દેવ ચૌધરી સહિત રાજ્યના ૫૦ આઈએએસ અધિકારીઓની બદલી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યમાં ૩૦ જાન્યુઆરી ના રોજ મોડી સાંજે ૫૦ આઈએસ અધિકારીઓની બદલીના ઓડરો રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યા હતા. આગામી એપ્રિલમાં લોકસભા ચૂંટણી યોજાશે તે પૂર્વે આઇએએસ અધિકારીઓની બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત ગુરુવારથી શરૂ થતાં વિધાનસભા બજેટ સત્ર પેહલા બદલીઓ સામે આવી છે. ૧.અમદાવાદના જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલ દવેને ગાંધીનગર કલેકટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ૨. મોરબી જિલ્લા કલેકટર શ્રી જી.ટી.પંડ્યાની હવે દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર તરીકે બદલી કરવામાં



આવી છે. ૩. જામનગર જિલ્લા કલેકટર શ્રી બીજલ શાહની હવે કલેકટર વડોદરા તરીકે બદલી કરવામાં આવી છે. હાલમાં જ શ્રી શાહને હૃદય રોગનો હુમલો આવ્યો હતો અને અમદાવાદની યુએન હોસ્પિટલમાં વધુ સારવાર માટે દાખલ કરાયા હતા. ૪. નવસારી કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવ અને ખેડા નડિયાદ કલેકટર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. ૫. ગુજરાત ટુરીઝમના મેનેજિંગ ડાયરેક્ટર ડોક્ટર સૌરભ પારધીને સુરત કલેકટરની જવાબદારી સોંપવામાં આવી છે. ૬. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી કમિશનર અનિલ ધામેલીયાની બદલી તથા છોટા ઉદયપુર કલેકટર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. ૭. ગૃહ વિભાગના જોઈન સેક્રેટરી યોગેશ નિર્ગુડેને દાહોદના કલેકટર તરીકે બદલી કરવામાં આવી છે. ૮. અમદાવાદ ખાતે રાજ્યના ટેક્સ વિભાગના અધિક કમિશનર શ્રી કિરણ ઝવેરીને મોરબી કલેકટર તરીકે બદલી કરવામાં આવી છે. ૯. અમદાવાદ મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર નેહા કુમારીને મહીસાગર કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. ૧૦. મોરબી જિલ્લાના ડીડીઓ શ્રી ડી.ડી.જાડેજાને ગિર-સોમનાથ કલેકટર તરીકે જવાબદારી ૧૧. વલસાડ કલેકટર ક્ષિપરા આગરેને નવસારી કલેકટર તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. ૧૨. સરકારના આરોગ્ય તથા પરિવાર કલ્યાણ વિભાગના નાયબ સચિવ સ્નેહલ ભાપકરને ગીર સોમનાથના જિલ્લા વિકાસ અધિકારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.

# માળીયા(મી) પોલીસે એક કરોડથી વધુના વિદેશી દારૂનો કર્યો નાશ

## જખરીયા પીર જવાના રસ્તે આવેલી પડતર ખરાબાવાળી જગ્યામાં ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં દારૂના જથ્થા પર બૂલડોઝર ફેરવી નાસ કરાયો


**મુખ્ય સમાચાર, મોરબી**



માળીયા મીયાણા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૨ તથા ૨૦૨૩ માં અલગ અલગ કુલ ૨૭ પ્રોહીબીશન ગુનામાં પકડાયેલ પરપ્રાંતીય વિદેશી દારૂ તથા બીયર ની કુલ બોટલો નંગ ૪૯૯૩૭ કિં.રૂ.૧,૦૫,૯૬,૩૯૪/- નો મુદામાલ જપ્તું. મેજિસ્ટ્રેટ માળીયા મીયાણા કોર્ટના હુકમ મુજબ માળીયા મી જખરીયા પીર જવાના રસ્તે આવેલ પડતર ખરાબા વાળી જમીન જખરીયા પાટી વાંઢ પાસે સબ ડિવી. મેજી.સંદિપકુમાર વર્મા હળવદ માળીયા તથા I/C નાયબ પોલીસ અધિક્ષક કે.એ.વાળા તથા સર્કલ પો.ઇન્સ એન.એ.વસાવા તથા સુપ્રીટેન્ડેન્ટ નશાબંધી અને આબકારી અધી રાજકોટ એચ.જે.ગોહીલની હાજરીમાં નાશ કરવામાં આવ્યા છે.

# જામનગર–દ્વારકાના કલેકટરોની બદલી

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગરના જિલ્લા કલેક્ટર બીજલ શાહની વડોદરા ખાતે બદલી કરવામાં આવી છે, અહીં નવી નિમણુંક હજુ જાહેર કરાઇ નથી, હાલારના બીજા જિલ્લા દ્વારકાના કલેકટરની પણ બદલી થઇ છે અને ત્યાં નવા કલેકટર તરીકે જી.ટી.પંડયાની નિમણુંક કરવામાં આવી છે, અત્રે નોંધનીય છે કે, જામનગરના કલેકટરને હજુ સુધી એક વર્ષનો પણ કાર્યકાળ થયો નથી અને તાજેતરમાં જ એમને હદયરોગનો માઇનોર એટેક આવ્યો હતો.

લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને રાજય સરકારે ગઇ રાત્રે ૫૦ જેટલા આઇએએસ અધિકારીઓની બદલીના ઓર્ડરો બહાર પાડયા છે જેમાં માર્ચ-૨૦૨૩માં જામનગરના કલેકટર તરીકે નિમાયેલા બીજલ શાહને વડોદરા કલેકટર તરીકે મુકવામાં આવ્યા છે અને એ જ રીતે દ્વારકાના કલેકટર અશોક શર્માની પણ બદલી થઇ છે અને એમના સ્થાને મોરબીમાં કલેકટર તરીકે ફરજ બજાવતા જી.ટી.પંડયાની દ્વારકા કલેકટર તરીકે નિમણુંક કરવામાં આવી છે.જામનગર જિલ્લાના નવા કલેકટરનું નામ જાહેર કરાયું નથી, કદાચ બદલીની બીજી યાદીઓમાં જામનગરના નવા કલેકટરનું નામ જાહેર થવાની શકયતા છે.

# મોરબીઃનળીયાના કારખાનાની ઓરડીમાંથી ઈંગ્લીશ દારૂની ૧૮ બોટલ સાથે બે ઝડપાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ભડીયાદ રોડ ઉપર આવેલ ૫૫૫ નળીયાના કારખાનાની ઓરડીમાં એલસીબી પોલીસ દ્વારા દરોડો પાડી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૮ બોટલ સાથે બે શખ્સોની સ્થળ ઉપરથી ધરપકડ કરવામાં આવી છે. જયારે વિદેશી દારૂનો જથ્થો આપનારનું નામ ખુલતા તેને ફરાર જાહેર કરી ત્રણેય આરોપીઓ વિરુદ્ધ પ્રોહી. હેઠળ ગુન્હો દાખલ કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોરબી એલસીબી પોલીસ ટીમને બાતમી મળેલ કે ભડીયાદ રોડ ઉપર આવેલ ૫૫૫ નળીયાના કારખાનાની ઓરડીમાં આરોપી અનિલ મહેશભાઈ વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે. જે મળેલ બાતમીને આધારે ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા ઓરડીમાંથી મીણીયા કોથળાની અંદરથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની વ્હિસ્કીની ૧૮ બોટલ સાથે આરોપી અનિલ મહેશભાઇ જીજવાળીયા ઉવ-૧૯ રહે.મોરબી ભડીયાદ રોડ, સાયન્સ કોલેજ સામે, વિધાનગર સોસાયટી, ઉદય પ્રભુભાઇ સરવૈયા ઉવ-૨૨ રહે.મોરબી ભડીયાદ રોડ, વિધાનગર સોસાયટી સાયન્સ કોલેજ સામેને ઝડપી લેવામાં આવ્યા હતા જયારે દરોડા દરમિયાન પકડાયેલ બંને આરોપીની સઘન પૂછતાછમાં વિદેશી દારૂનો જથ્થો આપનાર હાર્દિકસિંહ હાલ રહે.મોરબી ભડીયાદ વિધાનગર સોસાયટી, મુળ રહે.થાનનું નામ ખુલતા તેને ફરાર દર્શાવી હાલ મોરબી તાલુકા પોલીસ મથકમાં ત્રણેય આરોપીઓ સામે પ્રોહી. કેસ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં ચોરાઉ બાઈક સાથે એક શખ્સને ઝડપી લેવાયો

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી એ ડીવીઝન પોલીસે પૂર્વ બાતમીને આધારે નવલખી રોડ ઉપરથી ચોરીના બાઈક સાથે સાથે ચોરને પકડી ચોરીનું બાઈક હસ્તગત કરી આરોપી વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શ દ્વારા શહેરમાં મિલકત સંબંધી નોંધાયેલ કેસ સીધી કાઢવા જીલ્લા પોલીસ મથક સ્ટાફ પ્રયત્નશીલ હોય ત્યારે મોરબી શહેરમા લગાવેલ નેત્રમ સી.સી.ટીવી.કેમેરા તેમજ હ્યુમન સોર્સીસના આધારે આરોપીને પકડી પાડવા નવલખી રોડ ઉપર વોચમાં હોય તે દરમિયાન ચોરીમા ગયેલ મોટર સાયકલ સાથે રીઢો ગુન્હેગાર આરોપી પ્રકાશભાઇ ચંદુભાઇ નગવાડીયા રહે.ચીખલી તા.માળીયા(મી) નવલખીરોડ કુબેરનગરના નાલા પાસેથી પસાર થતા તેને રોકી મોટરસાયકલ ના કાગળો માંગતા તેની પાસે નહિ નહી હોવાનુ જણાવતા પોકેટ કોપ એપ્પથી સર્ચ કરતા મોટરસાયકલ મોરબી સીટી એ ડીવી.પો.સ્ટેમાં નોંધાયેલ ફરિયાદ મુજબનુ ચોરીનુ હોવાનુ જણાતા મોટર સાયકલ રજી.નંબર નં.GJ02-BJ-8346 હોય જેના એન્જીન નં.ઇ૪૫૩૬૯ તથા ચેસીસ નં.ઇ૦૭૩૪૪ સાથે આરોપીની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચોરીના બાઈક સાથે પકડાયેલ પ્રકાશ નગવાડીયા મારામારી ધાક ધમકી, પ્રોહી. જુગારધારા તથા ચોરીના ગુન્હાઓમાં ચાર વખત પોલીસ ચોપડે ચડી ચુક્યો છે.

# જામનગરમાં ખોવાયેલી સોનાની લકકી પરત કરતી પોલીસ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સીટી-સી ડીવીઝનના પ્રો. ડીવાયએસપી નયના ગોરડીયા તથા પીઆઇ જે.વી. ચૌધરી પોલીસ સ્ટેશનમાં હાજર હતા ત્યારે દિ.પ્લોટ-૧૭માં રહેતા અરજદાર દિપક અનંતરાય સંઘવીએ રજુઆત કરી હતી કે, પોતે ક્રિસ્ટલ મોલમાં મુવી જોવા ગયા હતા ત્યારે હાથમાં પહેરેલી ૩ તોલાની સોનાની લકકી પડી ગયેલ હોય અને હાથમાં જોવા નહીં મળતા શોધવા છતા મળી આવેલ ન હોય જેથી સીટી-સી સ્ટાફ દ્વારા અલગ અલગ કેમેરાઓ ચેક કરીને તપાસ કરતા ગુમ થયેલ સોનાની લકકી અંદાજે દોઢ લાખની કિંમતની શોધી કાઢી અરજદાર દિપકભાઇને સુપરત કરીને પ્રસંશનીય કામગીરી પોલીસે કરી હતી.

# ઊના પોલીસે ખોવાઇ ગયેલ ૭ મોબાઈલ ફોન શોધી કાઢી મુળ માલિકને પરત અપાવ્યા

**મુખ્ય સમાચાર, અબ્દુલ પઠાણ**




**ઊના:** ગીર સોમનાથ જીલ્લાના પોલીસ અધિક્ષક મનોહરસિંહજી જાડેજા તથા મદદનિશ પોલીસ અધિક્ષક જે.એમ.અગ્રવાલ શ્રી ઉના વિભાગ ઉના નાઓના આદેશ તથા ઉના I/C પોલીસ ઇન્સ્પેકટર એસ.એમ.ઇસરાણી નાઓની સુચના તથા સર્વેલન્સ પો.સ.ઇ. સી.બી.જાડેજા તથા ઉના ટાઉન ઇન્ચાર્જશ્રી પો.સ.ઈ. આર.પી.જાદવ તથા વુ.પો.સ.ઇ.શ્રી આર.એસ.સુવા નાઓના માર્ગદર્શન થકી જાહેર જનતાન મોબાઇલ પડી,ગુમ કે ખોવાઇ જાવાના બનાવો વધુ પ્રમાણમાં બનતા હોય જે અનુસંધાને જરૂરી કાર્યવાહી કરી અરજદારશ્રીઓને તેમના મોબાઇલ ફોન પરત અપાવી પ્રશંસનીય કામગીર કરતા..

આ કામગીરી ખુબજ ખંત અને મહેનત થી કરતા એ.એસ.આઇ. જગદિશભાઇ એલ. વાઘેલા તથા સર્વેલન્સ પો.કોન્સ. નલીનભાઇ બાલાભાઇ સોલંકી તથા પો.કોન્સ. શ્રી રાહુલભાઇ નારણભાઇ છેલાણા તથા મદદનીશ પો.અધિ.સા.ની કચેરીમાં ફરજ બજાવતા પો.હેડ કોન્સ. દર્શીતભાઇ પરમાર નાઓએ સંયુકત આ કામગીરીમાં જોડાઇ મોબાઇલો નંગ-૦૭ કુલ કિંમત રૂપિયા ૧,૩૫,૯૦૧/-ના નીચે મુજબના શોધી આપી જે-તે સ્થિતિમાં સુપ્રત કરેલ છે

# જામજોધપુર ખાતે પશુ સારવાર અને નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

**મુખ્ય સમાચાર, વિજય બગડા**



**જામજોધપુર:** રાજ્ય સરકારના માર્ગદર્શન તળે જામનગર જિલ્લા પંચાયતના પશુપાલન વિભાગ અને ગૌ સેવા મંડળ દ્વારા જામજોધપુર ખાતે પશુ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વ.રામકુંવરબેન ગોપાલભાઈ કતીરા પરિવારના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં જામજોધપુર ગૌશાળા ખાતે વિનામૂલ્યે પશુરોગ નિદાન સારવાર અને શસ્ત્ર ક્રિયા કેમ્પ યોજવામાં આવ્યો હતો.

આ કેમ્પમાં મેડીસીન વિભાગમાં ૨૮, સર્જરી વિભાગમાં ૧૬, ગાયનેક વિભાગમાં ૩૩, ડીવીંગમાં ૪૦૦ તથા ૧૧૨ લાભાર્થી પશુપાલકોના કેસ મળીને કુલ ૮૪૨ જેટલા પશુઓની સારવાર કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે નાયબ પશુપાલન નિયામક શ્રી ડો.તેજસ શુકલ, વેટરનરી ઓફીસર ડો.ઈકબાલ ભટ્ટી, પશુપાલન વિભાગના સ્ટાફ ગણ, પાંજરાપોળના પ્રમુખ સી.એમ. વાછાણી, સંસ્થાના પ્રમુખ કાન્તિભાઈ રામોલીયા, ટ્રસ્ટી નરેન્દ્રભાઈ કડીવાર, દીલીપભાઈ કતીરા તેમજ ગૌ સેવા મંડળ કારોબારી સમિતીના સદસ્યશ્રીઓએ જહેમત ઉઠાવી હતી.

# દારૂબંધી ભંગના ગુન્હામાં બે વર્ષથી નાસી ગયેલા શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર લાલપુરના પોલીસ સ્ટેશનમાં બે વર્ષ પહેલાં નોંધાયેલા દારૂબંધી ભંગના એક ગુન્હામાં સંડોવાયેલા પોરબંદર જિલ્લાના શખ્સને પકડી પાડવામાં આવ્યો છે.

લાલપુર પોલીસ મથકમાં બે વર્ષ પહેલા દારૂબંધી ભંગનો એક ગુન્હો નોંધાયો હતો. જેમાં પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાના વાંધારાનેસમાં રહેતા જુગલ સરમણ મોરી ઉર્ફે જીગર રબારી નામના શખ્સની સંડોવણી જાહેર થતાં આ શખ્સ નાસી ગયો હતો.ઉપરોક્ત આરોપી લાલપુર તાલુકાના ખાયડી ગામના પાટિયા પાસે આવ્યો હોવાની બાતમી પરથી લાલપુર પોલીસ મથકના પીએસઆઈ એસ.પી. ગોહિલ તથા સ્ટાફ દોડી ગયા હતા. આ શખ્સની ત્યાંથી અટકાયત કરવામાં આવી છે.

# જામનગર જિલ્લામાં કુલ ૩૪ કિ.મી.ના રસ્તાની મરામત કામગીરી માટે રૂ. ૧૯.૨૫ કરોડના કામોને મંજૂરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ગ્રામ્યના ધારાસભ્ય રાઘવજી પટેલની રજૂઆતને ગ્રાહ્ય રાખીને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા જામનગર અને જોડિયા તાલુકાના અનેક ગામોને જોડતા માર્ગોનું નવીનીકરણ કરવાના કામોને મંજૂરી આપવામાં આવી છે. જામનગરના પ્રજાજનોની સુવિધામાં વધારો કરતા નિર્ણય બદલ કૃષિ મંત્રીએ મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.આ અંગે માહિતી આપતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, જામનગર જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હેઠળ સાત વર્ષથી જૂના રસ્તાઓનું 'કિસાન પથ યોજના' તેમજ 'ખાસ મરામત યોજના' હેઠળ રીસર્ફેસિંગ કામ હાથ ધરવામાં આવશે. કિસાન પથ યોજના હેઠળ રૂ. ૧૨.૪૫ કરોડ તેમજ ખાસ મરામત યોજના હેઠળ રૂ. ૬.૮૦ કરોડના ખર્ચે રોડ-રસ્તાના મરામત કામો હાથ ધરાશે. મંજૂર કરાયેલા રસ્તાઓ જામનગર ગ્રામ્ય અને જોડિયા તાલુકાના ગામોને આવરી લેશે, જે ગ્રામજનોને જરૂરી સેવાઓ અને બજારો સુધી પહોંચવા માટે ઘણી જરૂરી સગવડ પૂરી પાડશે.

મંત્રીએ ઉમેર્યું કે, ખાસ મરામત યોજના હેઠળ જામનગર તાલુકાના લાખાબાવળથી સ્ટેટ હાઈવે સુધીના રસ્તા માટે રૂ. ૧૫૦ લાખ, મોટી બાણુંગારથી સ્ટેટ હાઈવે સુધીના રોડ માટે રૂ. ૫૦ લાખ, સ્ટેટ હાઈવેથી જે.એન.વી.(અલીયા) સુધીના રોડ માટે રૂ. ૫૦ લાખ, વંથલી ટુ રેલ્વે સ્ટેશન એપ્રોચ સુધીના રોડ માટે રૂ. ૫૦ લાખ તેમજ ધુતારપર-સુમરી-ખારાવેઢા-પીઠડીયા સુધીના રોડ માટે રૂ. ૩૮૦ લાખની મંજૂરી આપવામાં આવી છે. આમ, કુલ મળી આશરે ૧૪.૪૦ કિ.મી.ના રોડની મરામત કામગીરી માટે ખાસ મરામત યોજના હેઠળ કુલ રૂ. ૬.૮૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, કિસાન પથ યોજના હેઠળ જામનગર તાલુકાના નારણપુર નાઘુના રોડ માટે રૂ. ૧૩૫ લાખ, લાવડીયા-મકવાણા-ઢંઢા રોડ માટે રૂ. ૬૦ લાખ, શંકરપુર-ખંભાલીડા-મોટોવાસ રોડ માટે રૂ. ૫૦ લાખ, ચેલાથી સ્ટેટ હાઈવે સુધીના રોડ માટે રૂ. ૭૦ લાખ, અલીયા ચાવડાથી સ્ટેટ હાઈવે સુધીના રોડ માટે રૂ. ૭૦૦ લાખ અને ધરદીપરા-ખીલોસથી સ્ટેટ હાઈવે સુધીના રોડ માટે રૂ. ૫૫ લાખ તેમજ જોડિયા તાલુકાના ભાદરાથી સ્ટેટ હાઈવે સુધીના રસ્તા માટે રૂ. ૧૭૫ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. આમ, કુલ મળી આશરે ૧૯.૬૦ કિ.મી.ના રોડની મરામત માટે કિસાન પથ યોજના હેઠળ કુલ રૂ. ૧૨.૪૫ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કિસાન પથ યોજના અને ખાસ મરામત યોજના અંતર્ગત જામનગર જિલ્લામાં કુલ ૩૪ કિ.મી.ના રોડ-રસ્તાની મરામત કામગીરી માટે રૂ. ૧૯.૨૫ કરોડના કામોને મંજૂરી આપવામાં આવી છે.

# કળિયુગમાં પણ પ્રમાણિકતાઃ ઊનાના ઉમેજ ગામે પડી ગયેલાં મુળ માલિકને શોધી યુવાન દ્વારા પરત કરાયા

**મુખ્ય સમાચાર, અબ્દુલ પઠાણ**



**ઊના:** ઊના ઉમેજ ગામ મા ત્રણ ચાર દિવશ પહેલા એક ૧૦ હજાર રૂપિયા પડી ગયા એવો મેસેજ વાયરલ થયેલ હતો જે આજ માનવતા નું ઉદાહરણ સાબીત કરેલ એવા મુસ્લિમ સમાજ ના ઉનડજામ અશરફભાઈ જુમાભાઈ ના ધર્મ પત્ની ને ૧૦ હજાર રૂપિયા મળેલ હતા અને તેમના ઘરના કોય સદસ્ય ઉમેજ ગ્રામપંચાયત ગ્રુપ મા કે ઉમેજ અપડેટ ગ્રુપ મા નથી એટલા માટે ત્રણ દીવશ વીતી ગયા હતા પસી જે આ રકમ મૂળ માલિકની હોવાની જાણ થતા આ બેને ઈમાનદારી દાખવી આ રકમ મૂળ માલિક ને પરત કરી માનવતા નું ઉદાહરણ પુરૂ પાડેલ છે સોલંકી હનુભા પાંચુભા ને વાડીએ બોલાવી ચા પાણી પીવડાવી ને રકમ પરત કરેલ અને ઉમેજ ગામ નું ગૌરવ વધારેલ છે.

# વિંછીયાના અમરાપુરમાં કુંવરજીભાઈ બાવળિયાની હાજરીમાં ૪૮ દિકરીઓનો જાજરમાન સમુહ લગ્નોત્સવ યોજાયો

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**



**જસદણ:** વિંછીયા તાલુકાના અમરાપુર શ્રી શૈક્ષણિક સંકુલ ખાતે જસદણ વિછીયાના ધારાસભ્ય તથા રાજ્ય સરકારના કેબિનેટ મિનિસ્ટર કુંવરજીભાઈ બાવળીયા તથા સર્વજ્ઞ સમૂહ લગ્ન સમિતિ દ્વારા ૪૮ દીકરીઓના ભવ્યાતી ભવ્ય જાજરમાંન સમૂહ લગ્ન યોજાયા હતા જેમા ૪૮ દીકરીઓને સોના ની ચુક ચાંદી ના સાકળા કબાટ સેટી થી લઈ ૯૦ જેટલી ઘરવખરી ની ચીજ વસ્તુઓ કરિયાવરમાં આપવામાં આવી હતી આ સમૂહ લગ્નમાં રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ રાજકોટના સાંસદ મોહનભાઈ કુંડારીયા પોરબંદરના સાંસદ રમેશભાઈ ધડુક રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ ડો ભરતભાઇ બોઘરા અમરાપુર શૈક્ષણિક સંકુલના સંચાલક ભાવનાબેન બાવળીયા ડો મનીષભાઈ બાવળીયા તથા મહામંડલેશ્વર નિર્મળા બા પાળીયાદ મહામંડલેશ્વર શ્રી મહેન્દ્રાનંદ ગીરીબાપુ જુના અખાડા પુજ્ય નરેન્દ્રબાપુ આપાગીગાનો ઓટલો પુજ્ય દુર્ગાદાસ બાપુ સાયલા પૂજ્ય નામદેવ ભગત નગાલાખા ની જગ્યા પુજ્ય વિક્રમ ગીરીબાપુ ઘેલા સોમનાથ મહાદેવ મહંત ભરત બાપુ લોમેવ ધામ પૂજ્ય હરિરામ બાપુ સતરંગ ધામ મહામંડલેશ્વર સુખદેવદાસ મહારાજ મોટા રામજી મંદિર જસદણ ઉછાસીયા બાપુ જસદણ પૂજ્ય શૈલેન્દ્ર ગીરીબાપુ જોગેશ્વર મહાદેવ પૂજ્ય અશ્વિન ગીરીબાપુ ચામુંડા મંદિર ચોટીલા આઈ શ્રી વાલબાઈ માં શ્રી શક્તિધામ ગરણી સહિતના રાજકીય આગેવાનો સાધુ-સંતો દાંતા આવો ઉપસ્થિત નવ દંપતિઓને શુભ આશીર્વાદ પાઠવ્યા હતા રહ્યા હતા તેમજ આ જાજરમાન સર્વ જ્ઞાતિ સમુહ લગ્નમાં મંત્રી કુંવરજીભાઈ બાવળીયા ના વરદ હસ્તે અયોધ્યા પ્રભુ શ્રી રામ મંદિરની પ્રતિકૃતિ શિલ્ડ તમામ દાતાઓને અર્પણ કરવામાં આવ્યા હતા અને સુંદર મજાનો ભોજન સમારો યોજવામાં આવ્યો હતો સમગ્ર કાર્યક્રમમાં ચાવીરૂપ ભૂમિકા ભજવનાર રજવાડી પશુ આહાર ના માલિક ઉદ્યોગપતિ હિરેનભાઈ ભગવાનજીભાઈ સાકરીયા તથા પૂર્વ નગરપતિ ધીરુભાઈ શામજીભાઈ ભાયાણી જસદણના શિક્ષણવિદ ભાવેશભાઈ વેકરીયા સામાજિક કાર્યકર અને પત્રકાર નરેશભાઈ ચોહલીયા અગ્રણી સુરેશભાઈ જોશી અગ્રણી મનસુખભાઈ જાદવ સહિતના આગેવાનોએ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા ના માર્ગદર્શન હેઠળ તથા હિરેનભાઈ સાકરીયા ના આયોજનમાં સંપૂર્ણ સહયોગ આપેલ હતો આ ઉપરાંત ઉપરોક્ત આગેવાનોએ તથા મંત્રી બાવળીયાએ તમામ રાજકીય મહાનુભાવો સાધુ-સંતો દાતાશ્રી આગેવાનો કાર્યકર્તાઓ સ્વયંસેવકોનો તમામ સમાજના આગેવાનો પ્રમુખો તમામનો અહીં ઉપસ્થિત રહેવા બદલ કોટી કોટી આભાર પ્રગટ કર્યો હતો સમગ્ર કાર્યક્રમનુ સંચાલન ડો સંજયભાઈ સખીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# જામનગરની ગુલાબનગર શાળા નં.૫૯ ખાતે શાળા સલામતી સપ્તાહની ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર, ભૂકંપ, પૂર, વાવાઝોડું, ઓદ્યોગિક અકસ્માત,આગ જેવી બહુવિધ આપત્તિઓ સમયે શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં આપત્તી અને આપત્તી વ્યવસ્થાપન અંગે જાગૃતિ કેળવાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા શાળા સલામતી કાર્યક્રમ અમલમાં મુકાયો છે. જે કાર્યક્રમ અંતર્ગત શહેરની ગુલાબનગર શાળા નં.૫૯ ખાતે શાળા સલામતી સપ્તાહ ઉજવણી માટે વંદે ગુજરાત ચેનલ પર રાજ્યમંત્રી પ્રફૂલ પાનસેરિયા અને જી.એસ.ડી.એમ.એ.ના મુખ્ય કારોબારી અધિકારી અનુપમ આનંદ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શીત કરાયાં હતા.આ પ્રસંગે જિલ્લા વહીવટી તંત્રમાંથી શહેર પ્રાંત અધિકારી પી.બી.પરમાર, ડીઝાસ્ટર મામલદાર, ડીઝાસ્ટર ડીપીઓ તથા શહેર ફાયર વિભાગમાંથી ફાયર ઓફિસર અને ડીઝાસ્ટર પ્રોજક્ટ ઓફિસર ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને આપત્તીઓથી રક્ષણ મેળવવા વિશેની સમજ આપવામાં આવી હતી.આપત્તી સમયે સાવચેતી અને સલામતી વિશે વિદ્યાર્થીઓને વિશેષ માર્ગદર્શન મળી રહે તે માટે આગામી તા.૦૩/૦૨/૨૦૨૪ સુધી તંત્ર દ્વારા અગલ- અલગ કાર્યક્રમો યોજવામાં આવનાર છે. જે અંતર્ગત જામનગર જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં તથા અલગથી મેગા ઈવેન્ટ માટે ૪૭ શાળાઓમાં અને શહેરની ૧૬ શાળાઓમાં ૧૦૮, ફાયર વિભાગ, આર.ટી.ઓ., તથા રીલાયન્સ અને જી.એસ.એફ.સી જેવી કંપીઓ દ્વારા અગલ - અલગ ડેમોસ્ટ્રેસન પણ યોજવામાં આવશે અને વિદ્યાર્થીઓને કુદરતી આપદાનો સામનો કરવાનું પ્રશિક્ષણ આપવામાં આવશે.

# કમરકોટડા ગામે ઘોડીપાસાની જુગાર ક્લબ પ્રકરણમાં સુલતાનપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ સસ્પેન્ડ



**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલ તાલુકાના સુલતાનપુરના કમરકોટડા ગામની સીમમાં ગઈકાલે રૂરલ એલસીબીની ટીમે દરોડો પાડી ઘોડીપાસાની જુગારક્લબ ઝડપી લેવાની ઘટનામાં સુલતાનપુર પોલીસ મથકના પીએસઆઈ ઝાલાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રૂરલ એલસીબી ટીમને મળેલ ચોક્કસ બાતમીના આધારે ગઈકાલે સુલતાનપુર પોલીસ સ્ટેશનની હદમાં આવતા કમરકોટડા ગામની સીમમાં રાજકોટના જંગલેશ્વરનો નામચીન જુગારી હબીબ ઠેબાની ઘોડીપાસાની જુગારક્લબ પર એલસીબીની ટીમે દરોડો પાડી ૨૮ જુગારીઓને દબોચી લઈ રૂ.૧૬ લાખથી વધુની રોકડ તથા મોબાઈલ અને વાહનો મળી કુલ અડધા કરોડનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હોય આ ઘટનાના પગલે રેન્જ આઈજી અશોકકુમાર યાદવ એ આકરા પગલા લઈ સુલતાનપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી.બી.ઝાલાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જ્યારે તપાસના અંતે અન્ય પોલીસ કર્મચારીની સંડોવણી સામે આવશે તો તેની સામે પણ સસ્પેન્ડના પગલા ભરવામાં આવશે તેવું જાણવા મળ્યું છે.


## શાપર વેરાવળમાં વિદેશી દારૂની ૨૦ બોટલ સાથે પરપ્રાંતીય શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શાપર વેરાવળ પોલીસના હેડ કોન્સ્ટેબલ ટી.એ.જાડેજા કોન્સ્ટેબલ પીયુસભાઈ સહિતનો સ્ટાફ વેરાવળ સર્વીસ રોડ પર આવેલ શીવ હોટલ પાસે પેટ્રોલીંગમાં હતા ત્યારે એક શખ્સ સુઝુકી કંપનીનું બુર્ગમેન બાઈક લઈ નિકળતા પોલીસે તેને અટકાવી તેની પાસે રહેલા થેલાની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની મોંઘીદાટ ૨૦ બોટલ મળી આવતા પોલીસે રૂ.૪૦ હજાર નો દારૂ અને રૂ.૬૦ હજારનું બાઈક સહિત રૂ.૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બાઈક ચાલક બીટુ બિરભાન સર્મા નામના પરપ્રાંતીય શખ્સની ધરપકડ કરી હતી.

# પેલેસ રોડ પર નવા બનતા બિલ્ડીંગની લીફટમાં શ્રમિક ફસાયોઃફાયર બ્રિગ્રેડની ટીમે રેસ્ક્યુ કર્યું





(તસ્વીરઃ આનંદ જાવિયા)

શહેરના પેલેસ રોડ પર નવા બનતા બિલ્ડીંગના બીજામાળે માલસામાન પહોંચાડવા માટે લીફટનો ઉપયોગ કરવામાં આવતો હોય આજે સવારે આ લીફટમાં અકસ્માતે શ્રમિક ફસાય જતા ફાયરબ્રિગ્રેડને જાણ કરવામાં આવતા ફાયર કાફલો ઘટના સ્થળે દોડી જઈ રેસ્ક્યુ કરી લીફટમાં ફસાયેલા શ્રમિકને બહાર કાઢી સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો.

# કાલાવડ પંથકમાં શ્રમિક યુવતીને પ્રેમીએ ગર્ભવતી બનાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ પંથકમાં કારખાનામાં કામ કરતી યુવતીને તેના પ્રેમીએ ગર્ભવતી બનાવી હતી યુવતીને પેટમાં દુખાવો ઉપડતા રાજકોટ સારવારમાં ખસેડવામાં આવતા યુવતીને દોઢ માસનો ગર્ભ હોવાનું ખુલતા ચકચાર મચી જવા પામી હતી.

કાલાવડ પંથકમાં કારખાનામાં કામ કરતી ઝારખંડની ૨૪ વર્ષની યુવતીને પેટમાં દુખાવો ઉપડતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં તબીબી તપાસમાં શ્રમિક યુવતીને દોઢ માસનો ગર્ભ હોવાનું જાણવા મળતા તબીબ દ્વારા પોલીસ ચોપડે એમ.એલ.સી. નોંધ દાખલ કરવામાં આવી હતી

પ્રાથમિક પૂછપરછમાં યુવતી મૂળ ઝારખંડની વતની છે અને અગાઉ મહારાષ્ટ્રમાં નોકરી કરતી હતી ત્યારે યુવાન સાથે આંખ મળી જતા બંને વચ્ચે પ્રેમ પાંગર્યો હતો અને બાદમાં યુવતી મહારાષ્ટ્રમાંથી કાલાવાડ પંથકમાં આવેલા કારખાનામાં કામ માટે આવી હતી જ્યાં તેણીને દોઢ માસનો ગર્ભ હોવાનું જાણ થતા તેણીએ પ્રેમીને ફોન કરતા પ્રેમીએ ગર્ભપાત કરાવી લેવાનું કહેતા યુવતી હોસ્પિટલમાં દાખલ થઈ હોવાનું જાણવા મળ્યું છે આ બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબી જેતપર રોડ ઉપર આવેલ શાકમાર્કેટમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલસીબી પોલીસે જેતપર રોડ પાવડીયાળી કેનાલ પાસે આવેલ શાકમાર્કેટમાં દરોડો પાડી તીનપતિનો જુગાર રમતા ત્રણ ઈસમોને રૂ. ૧૧,૨૦૦/- સાથે ઝડપી લેવામાં આવ્યા છે.

મળતી માહિતી અનુસાર મોરબી ક્રાઇમ બ્રાંચ ટીમ દ્વારા મળેલ બાતમીને આધારે રેઇડ કરી મોરબી જેતપર રોડ પાવડીયાળી કેનાલ પાસે આવેલ શાક માર્કેટમાં જાહેરમાં જુગાર રમી રહેલા ગોપાલભાઇ ઉર્ફે ગોવિંદભાઇ ઉર્ફે બાબુલાલ પ્રાગજીભાઇ સોલંકી ઉવ.૭૧ રહે.મોરબી વાવડી રોડ શ્રીજીપાર્ક-૨ પ્લોટ નં.૨૦ મુળ રહે.મોરબી ગ્રીનચોક મોચીશેરી, રહિમભાઇ છોટુભાઇ શેખ ઉવ.૬૧ રહે.મોરબી વાવડી રોડ શ્રીજીપાર્ક-૨ પ્લોટ નં.૨૦ મુળ રહે.ડોંગરી પાડા ઝુપડપટ્ટી શિવસેના ઓફિસ પાસે સિધ્ધાર્થનગર સાતીવલી પાલઘર મહારાષ્ટ્ર, યુસુફખાન અકબરખાન પઠાણ ઉવ.૪૦ રહે. મોરબી વાવડી રોડ શ્રીજીપાર્ક-૨ પ્લોટ નં.૨૦ મુળ રહે.ભૈરમ પાડા ઝુપડપટ્ટી ઇંગાચાલ બાન્દ્રા ઇસ્ટ મહારાષ્ટ્રને રોકડા રૂ.૧૧,૨૦૦/- સાથે ઝડપી લઇ ત્રણેય વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુન્હો રજી. કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાયાવદરની સગીરાને માતા બનાવનાર શખ્સને ૨૦ વર્ષની સજા ફટકારતી કોર્ટ

## ધોરાજી કોર્ટે બાળકના ડી.એન.એ. ટેસ્ટ અને વૈજ્ઞાનિક પુરાવાના આધારે મહત્વનો ચુકાદો આપ્યો

**મુખ્ય સમાચાર, ધોરાજી**

ભાયાવદરમાંથી એક વર્ષ પૂર્વે ૧૬ વર્ષની તરુણીને લલચાવી ફોસલાવી ભગાડી ગયા બાદ તેની સાથે દુષ્કર્મ આચર્યું. એટલું જ નહીં પણ તેને એક સંતાનની માતા બનાવી દીધી. આ અંગે તરુણીનાં માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જે કેસ ધોરાજીની કોર્ટમાં ચાલી જતાં જજે આરોપીને તકસીરવાન ઠેરવી ૨૦ વર્ષની કેદની સજા ફટકારી હતી.

ગોંડલના ભોજપરા વિસ્તારમાં રહેતા રાહુલ શાંતિલાલ બગડા એક વર્ષ પૂર્વે ભાયાવદરમાંથી ૧૬ વર્ષીય તરુણીને લલચાવી ફોસલાવી ભગાડી ગયો હતો. આ અંગે ભોગ બનનારના માતાએ જાન્યુઆરી ૨૦૨૩માં ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતું કે તેઓ લૌકિક કામે બહાર ગયા હતા. તે દરમિયાન તેમની ૧૬ વર્ષની ભોગ બનનાર દીકરીને આરોપી ભગાડી ગયો હતો. આ ફરિયાદના આધારે પોલીસ ઈન્સ્પેક્ટર કે. કે.જાડેજાએ તપાસ કરી હતી તપાસ દરમિયાન ત્રણ દિવસ પછી આ ભોગ બનનાર અને આરોપી મળી આવેલા હતા. ભોગ બનનારે જણાવ્યું હતું કે રાહુલ તેના મિત્ર વિકીના ઘેર રાજકોટ લઈ ગયો હતો. ત્યાં રાહુલે તેણી સાથે શરીર સંબંધ બાંધ્યો હતો, પોલીસ દ્વારા આ અંગે ચાર્જશીટ કરવામાં આવ્યા બાદ ધોરાજીના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજના કોર્ટમાં કેસ ચાલ્યો હતો.

ધોરાજીના એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ એ એમ શેખે પુરાવાનું મૂલ્યાંકન કર્યું હતું. ભોગ બનનારે એક બાળકને જન્મ આપ્યો હતો. બચાવ પક્ષ તરફથી આ બાળકના પિતાનું નામ પૂછવામાં આવેલું હતું અને ટ્રાયલ દરમિયાન ભોગ બનનારની માતા તથા ભોગ બનનારે આ બાળક આરોપી રાહુલ શાંતિલાલ બગડાનું હોવાનું જણાવ્યું હતું. આ હકીકત તથા ડીએનએ રિપોર્ટ અને પબ્લિક પ્રોસિક્યુટર કાર્તિક્ય પારેખ તરફથી રજૂઆત કરવામાં આવ હતી કે ભોગ બનનારે કલમ ૧૬૪ની જુબાની વખતે બનાવ સ્પષ્ટ રીતે જણાવ્યો છે. આરોપી તેને લલચાવી ફોસલાવી અને લગ્નની લાલચે લઈ ગયો હોય તેવું જણાવ્યું છે. અદાલત સમક્ષ પણ આ હકીકત તેમણે જણાવેલી છે, એફએસએલ કચેરીના અધિકારીએ ડીએનએ પરીક્ષણ કરેલું છે અને આ ડીએનએ પરીક્ષણમાં જન્મ લેનાર બાળકના કુદરતી પિતા રાહુલ શાંતિલાલ બગડાના પ્રોફાઈલ સાથે મેચ થતા હોવાનું જણાવેલું છે . ડોક્ટર રૂબરૂની હિસ્ટ્રી પણ જણાવેલી છે અને ભોગ બનનાર માત્ર ૧૬ વર્ષની ઉંમરના છે તેમને પોતાનું ભલું બૂરું વિચારવાની ખબર ન હોય આ હકીકતને ધ્યાને લઈ અને આરોપીએ તેની સાથે પ્રેમ સંબંધ બાંધી અને કૃત્ય આચરેલું હોય તે હળવાશથી ન લઈ શકાય.

આરોપીની ઉલટ તપાસ દરમિયાન ભોગ બનનારને થયેલ બાળકના કુદરતી પિતા રાહુલ શાંતિલાલ બગડા હોવાનું રેકોર્ડ ઉપર આવેલું છે. આરોપી પક્ષે પ્રેમ સંબંધ હોવાની તકરાર પણ લીધેલી છે તે ગ્રાહ્ય રાખી શકાય નહીં, ૧૮ વર્ષથી નાની વયની દીકરી સાથે કોઈ સંબંધ પ્રેમ સંબંધ તરીકે ગણાવી શકાય નહીં. અને ૧૮ વર્ષથી નાની દીકરીની સહમતીની કાયદામાં કિંમત નથી તેવી સરકારી વકીલની રજૂઆતને ધ્યાને લઈ અને ધોરાજીના એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ એ એમ શેખે આરોપીને તકસીરવાન ઠરાવી ૨૦ વર્ષની સજા ફટકારી હતી.

# ગોંડલના વેપારી પાસેથી રૂા.૧૭.૮૯ લાખના મરચા મગાવી મુંબઈના ત્રણ શખ્સોએ કરી છેતરપિંડી

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલના વેપારીના ૧૭.૮૯ લાખના મરચા મુંબઇના ત્રણ ગઠિયા ઓળવી જઈ છેતરપીંડી આચરતાં ગોંડલ બી ડિવિઝન પોલીસે છેતરપીંડીની ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આ અંગેની માહિતી મુજબ અંગે કોટડાસાંગાણીના ચાપાબેડા ગામે રહેતાં રમેશભાઈ છગનભાઈ વેકરીયા (ઉ.વ.૪૧) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે વિપુલ લાલજી ભાનુશાળી, ગોવિંદ ગાજરા અને જયેશ ભાનુશાળીનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓના મીત્ર યોગેન્દ્રભાઈ ભુપતભાઈ ભંડેરીને ગોંડલ નવા માર્કેટીંગ યાર્ડમા શ્રી કૃષિયન ટ્રેડીંગ કંપની નામની પેઢી છે જેમા તેઓ અને બળવંતસિંહ જાલમસંગ, યતીનભાઇ કતબા સાથે દરેક પ્રકારના મસાલાનો વેપાર કરે છે. ગઇ તા.૧૯/૧૧/૨૦૨૩ ના તેઓ ભાગીદાર સાથે ગોંડલ નવા માર્કેટીંગ યાર્ડ પર હતા ત્યારે પાર્ટનર બળવંતસિંહને ફોન આવેલ અને કહેલ કે, હુ વિપુલભાઈ ભાનુશાળી બોલુ છુ અને મારે મહીને ત્રીસેક ટન મરચાની જરૂરીયાત છે તમે મને ગોંડલ માર્કેટીંગ યાર્ડમાંથી ખરીદી આપો તેમ વાત કરેલ જેથી બળવંતસિંહએ ભાગીદારોને વાત કરેલ અને વિપુલ ભાનુશાળીને ફોન કરી કહેલ કે, હું તમોને ઓળખતો નથી જેથી આપણે કોઈ પણ ખરીદી કરશુ તે રોકડા વ્યવહારથી ખરીદી કરવાની રહેશે તેમ કહેતા તેઓએ કહેલ કે, રોકડા પૈસા નહી તમે મને માલ પહોંચાડશો એટલે હુ તમને માલ ચેક કરી પેમેન્ટ કરી આપીશ.જે બાબતે ભાગીદારોએ ના પાડેલ અને ત્રણ દિવસ તેની સાથે ફોનમાં વાતચીત ચાલુ રહેલ. ગોંડલ નવા માર્કેટીંગ યાર્ડમાંથી મરચા ખરીદી કરી વિપુલ ભાનુશાળીના કહ્યા મુજબ તેમની થાનેમાં આવેલ શ્રીગુરૂદેવ ટ્રેડીંગ અને વાપીમાં આવેલ મહાદેવ ટ્રેડીંગ કંપનીમાં ૩૦૦૦ કીલો સુકા મરચા જેની સરૂ.૬.૧૧,૬૦૬ કુલ મરચા ૮૭૭૭.૭૦૦ કીલો જેની કુલ રૂ.૧૭.૮૯.૪૯૪ નો માલ ગોંડલની એક લોકલ ગાડીમાં રવાના કરેલ હતો.એક ગોડાઉનમાં મહાદેવ ટ્રેડીંગનો માલ ૩૦૦૦ કીલો સુકા મરચા ગોડાઉનમા ખાલી કરી દીધેલ હતાં.

# રાજકોટ પ્રાદેશિક માહિતી કચેરીના કર્મચારીઓ દ્વારા રાષ્ટ્રપિતા ગાંધીજીને શ્રધ્ધાંજલિ અપાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ ખાતે ગાંધી નિર્વાણ દિવસ નિમિત્તે તમામ સ્ટાફે બે મિનીટનું મૌન પાળ્યું હતું. આ તકે સહાયક માહિતી નિયામકશ્રીઓ સોનલબેન જોશીપુરા અને પ્રિયંકાબેન પરમાર સહિત અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપસ્થિત રહીને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને યાદ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ઉલ્લેખનીય છે કે ઈ.સ. ૧૯૪૮માં તા. ૩૦ જાન્યુઆરીએ મહાત્મા ગાંધીજીનું નિધન થયું હતું. સ્વતંત્રતાની લડતમાં ગાંધીજીના અમૂલ્ય યોગદાનને યાદ કરવા આજના દિવસને શહીદ દિવસ તરીકે દેશભરમાં ઉજવવામાં આવે છે.

# આરોગ્યતંત્ર દ્વારા રાજકોટના બીમાર વૃદ્ધ દંપત્તિનું કાઉન્સેલિંગ કરીને સીવીલ હોસ્પિટલ ખાતે આરોગ્ય સારવાર અપાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટ શહેરમાં રહેતા રંજનબેન તથા ભૂપેન્દ્રભાઇ રેષકોસ રીંગ રોડ પર કાવો વેચવાનું કામ કરે છે. તેઓના પરીવારમાં તે બન્ને એકલા રહે છે. તેઓને દીકરાઓ નથી. તેઓની દીકરીઓ સાસરે છે. તેઓની આર્થિક સ્થિતિ અત્યંત ખરાબ છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરીના દિશાનિર્દેશ અનુસાર મુખ્ય જિલ્લા આરોગ્ય અધીકારીશ્રી તેમજ તેમની ટીમ દ્વારા તા ૨૪ જાન્યુઆરી સાંજે તેમની મુલાકાત કરી રોગથી પીડાતા દંપત્તિનું કાઉંસેલિંગ કરવામાં આવ્યુ હતું,જેમાં જાણવા મળ્યુ કે ભૂપેન્દ્રભાઇને ડાયાબીટીસ છે અને આગાઊ તેમને પગની સર્જરી કરાવી હતી. રંજનબેનને ફેફસાની બિમારી હતી.

તા ૨૯.૦૧.૨૪ના રોજ જિલ્લા પંચાયત આરોગ્ય ટીમ તેમને સીવીલ હોસ્પિટલ ખાતે સારવાર લઇ માટે ગયા હતા. જેમાં ભૂપેન્દ્રભાઇને જે પગમાં તકલીફ હતી તે માટે સર્જનને બતાવી તેમની પગની સોનોગ્રાફી કરાવી. તેમજ સારવાર કરવામાં આવી હતી. ઉપરાંત, ડાયાબીટીસ માટે મેડીસીન વિભાગમાં રીપોર્ટ કરાવીને સારવાર આપી હતી. રંજનબેનને ફેફસાની બીમારી માટે ટીબી એન્ડ ચેસ્ટ વિભાગમાં સારવાર આપવામાં આવી. અને આ બીમારી અંગે રેગ્યુલર સારવાર લે તે અંગે કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોષીનાં નેતૃત્વમાં તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.નિલેશ રાઠોડના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય ટીમ સતત કાર્યરત છે.

# અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ એ પત્રકારો પર થઈ રહેલા તથ્ય હિન કેસો મામલે મુખ્યમંત્રી ને આવેદન આપ્યું

## પત્રકાર તુષાર બસિયા સામે ગુનો નોંધવા સામે વિરોધ – પત્રકારો પરના ૨૦ હુમલામાં પગલાં ભરો

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**



મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ગુજરાતના પત્રકારો ઉપર થતાં અત્યાચાર, હુમલા, પરેશાની, સોશિયલ મિડિયામાં થતાં હુમલાં અને સત્તાધીશો દ્વારા કરાતી હેરાનગતી અંગે રજૂઆતો ૩૦ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ દ્વારા કરવામાં આવી હતી. આવેદનપત્ર આપતાં પહેલાં પત્રકારો ગાંધીનગર અખબાર ભવન ખાતે એકઠા થયા હતા અને પીઢ પત્રકાર દિલીપ ગોહિલના અવસાન અંગે શોકસભા કરી બે મૌન શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ નાં રાષ્ટ્રીય અધ્યક્ષ જિજ્ઞેશ પટેલ, સુજલ મિશ્રા, દિનેશ ગઢવી, કિશન પંડ્યા, સંજય જાની, સંજયસિંહ ચૌહાણ, વિજયવીર યાદવ તૌફીક ઘાંચી સહિત નાં પત્રકારોએ મુખ્ય પ્રધાન કાર્યાલય ખાતે આપેલ આવેલા આવેદનમાં મહત્વના મુદ્દાઓ રજૂ કરાયા હતા.

**નવજીવનના પત્રકારનો કિસ્સો**

૧૨ જાન્યુઆરી ૨૦૨૪ના દિવસે સુરતના જાહેર રોડ પર છઠ્ઠા ધોરણમાં ભણતી બાળાના ગુપ્તાંગ પર હાથ નાખનાર એક વિકૃત ઈસમ સામે સુરતના સીંગણપોર પોલીસ સ્ટેશનના ફોજદાર રાઠોડે સરકાર તરફે ફરિયાદ નોંધી નહીં. આ ઘટનાનો અહેવાલ નવજીવન ન્યૂઝના પત્રકાર તુષાર બસિયાએ રજૂ કર્યો હતો. નવજીવન, ગાંધીજીએ અંગ્રેજો સામે છાપા દ્વારા લડાઈ લડવા માટે આ સંસ્થા સ્થાપી હતી. પત્રકાર તુષાર બસિયાએ ભોગ બનનાર બાળા પોતાની દીકરી છે તેમ માની અવાજ ઊઠાવ્યો ૧૨ દિવસ પછી પત્રકારના અહેવાલ બાદ પોલીસે ફરિયાદ નોંધવી પડી હતી. પછી ૨૪ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ સીંગણપોર ફોજદાર રાઠોડે સરકાર તરફે બાળાની છેડતી કરનાર ઈસમ સામે ઈંડઈ કલમ ૨૩૪અ/ પોક્સો એકેક્ટ કલમ-૮, ૨૩(૧) (૨)/ જુવેનાઇલ જસ્ટિસ એક્ટ કલમ-૭૪/ ઈઝ એક્ટ કલમ-૬૬(ય) હેઠળ ત્રઈછ નોંધી હતી. પત્રકાર તુષાર બસિયાને આરોપી બનાવી દેવામાં આવ્યા હતા.પત્રકારને હેરાન કરવા માટે, કાયદાનો ગેરઉપયોગ કરાયો હતો.

૧૨ દિવસ સુધી ગંભીર કોગ્નિઝેબલ ગુનાની જાણ હોવા છતાં ત્રઈછ નહીં નોંધનાર ડ્ઈ રાઠોડ સામે સુરતના પોલીસ કમિશ્નર અજય તોમરે શિક્ષાત્મક કાર્યવાહી કરી ન હતી. ગુજરાત ભરના સ્વતંત્ર પત્રકોરોએ તેનો વિરોધ કર્યો પછી રાજકોટ બદલી કરવામાં આવી હતી.

સાચી ફરજ બજાવતાં નિર્દોષ પત્રકારે પત્રકારત્વનો ધર્મ નિભાવ્યો હતો. તેને ગંભીર ગુનામાં ખોટી રીતે સંડોવીને શું સાબિત કરવા માંગે છે? તુષાર બસિયાની છબી ખરડીને જાણીજોઈને બદનક્ષી કરી છે.

ગુજરાતમાં પત્રકારો પર હુમલા થયા હોય અને પોલીસ દ્વારા કાયદાનો ગેરઉપયોગ થયો હોત એવી અનેક ઘટનાઓ ૨૦૧૪થી ૧૦ વર્ષમાં બની છે. જેની ગૃહ વિભાગે તપાસ કરીને વ્હાઈટ પેપર જાહેર કરવું જોઈએ.

**આવી કેટલાંક ઘટનાઓ આ રહી**

૧૧ જાન્યુઆરી ૨૦૨૪માં કચ્છના પત્રકાર જયેશ અંબાલાલ શાહે પોલીસનું લાંચ કૌભાંડ બહાર પાડ્યું તો તેમને સાયબર ક્રાઈમ પર હાજર થવા નોટિસ આપી હતી. તેમને ૨ કલાક સુધી પોલીસ સ્ટેશનમાં બેસાડી રાખ્યા હતા. ફરીથી તેમને આવી જ નોટિસ આપવામાં આવી હતી.

૨૫ જાન્યુઆરી ૨૦૨૪માં અમરેલી જિલ્લાના જાફરાબાદમાં કામ કરતાં ટીંબી ગામના પત્રકાર સોહિલભાઈ બમાણી ઉપર હીંચકારો હુમલો કરવામાં આવ્યો હતો.

**પ્રદીપ રાવલ અને ખત્રીનો કેસ**

તા.૧૬ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજમાં નડિયાદ તાલુકાના ચકલાસી પોલીસ મથકે પત્રકારો વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરાઈ હતી.આ ફરિયાદ આઈપીએસ હની ટ્રેપ કૌભાંડમાં જેમની પર આક્ષેપો થતાં હતાં. ૫ આઇપીએસ ને સરકારે ક્લીનચિટ આપી હતી. તેના બે જ દિવસમાં લોકપ્રિય પત્રકારો વિરુદ્ધ આરોપ ઘડી ગણત્રીના કલાકોમાં જ તા.૧૭ ફેબ્રુઆરી ૨૦૨૩મીના રોજ સવારે ૨૦૦ કીમી દૂરથી પણ ધરપકડ કરી લેવાયા હતા. ગાંધીનગરના પ્રદીપ રાવલ અને બોડેલીના પત્રકાર બરકતુલ્લાહ ખત્રીની આ કેસ સરકાર દ્વારા પર અતિક્રમણ ગણવામાં આવી રહ્યો છે. કરાઈ એકેડેમિમાં ટ્રેઈનિંગ ન લેતી મહિલા એકેડેમીમાં અંદર જઈને ફોટા પડાવે છે જે વાયરલ થાય છે.એ મહિલાનું પોલીસે નિવેદન પણ લીધેલું છે.તેમ છતાં આઇપીએસ અધિકારીઓ પર દેશ ભરમાં થતાં ટ્રોલને અટકાવવા નિર્દોષ પત્રકારો પર ખોટો આરોપ મઢવામાં આવ્યો હતો.પત્રકાર સંગઠન આ કેસ પરત લેવા સરકાર સમક્ષ માંગણી કરી રહેલ છે.

માર્ચ ૨૦૨૩માં અમદાવાદના ચાંદખેડામાં પત્રકાર આબેદા પઠાણ અને ટીમ પર હુમલો કરી છેડતી કરી હતી. પત્રકારે કર્યું અન્ન જળનું ત્યાગ કરવો પડ્યો હતો. છતાં પગલાં ન લેવાયા. જૂલાઈ ૨૦૨૩માં બોટાદમાં પત્રકાર પર હીચકારો હુમલો થયો હતો.

ડિસેમ્બર ૨૦૨૩માં જૂનાગઢ રોપવેના સમાચાર મેળવવા ગયેલા પત્રકાર અમર બખાઈ પર રોપવેના ૩ કર્મચારીએ કર્યો હુમલો. પત્રકારને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. પત્રકારના મોબાઇલમાંથી તમામ વિડિયો ડીલીટ કરવામાં આવ્યો હતો.

સપ્ટેમ્બર ૨૦૨૩માં રાજકોટમાં પત્રકારો પર પણ હુમલો કરી કેમેરા તોડવાનો પ્રયાસ કર્યો હતો. ઓગસ્ટ ૨૦૨૩માં સંખેડા તાલુકાના પત્રકાર દિપક તડવી પર ડભોઈ ખાતે હુમલો કરાયો હતો. જૂન ૨૦૨૩માં મહીસાગરના બાલાસિનોરમાં પત્રકારો પર ફજર દરમિયાન હુમલો કરાયો હતો. ઓક્ટોબર ૨૦૨૨માં પોરબંદરમાં પત્રકાર પર હુમલો થયો હતો. એપ્રિલ ૨૦૨૨માં વાલોડ તાલુકાના પત્રકાર વિકાસ ભરતભાઈ શાહ ઉપર હુમલો થયો હતો. ઓગસ્ટ ૨૦૨૧માં અમદાવાદમાં ચાંદલોડિયામાં પત્રકાર દિનેશ કલાલ પર હુમલો થયો હતો. ઓગસ્ટ ૨૦૨૧માં અમદાવાદ શહેરમાં આશારામ આશ્રમમાં પત્રકારો પર હુમલો કરનારા સાધકોને એક વર્ષની કોર્ટે સજા ફટકારી હતી. મે ૨૦૨૨માં રાજુલા વાવેરા ગામે રહેતા ખેતી અને પત્રકાર સાથે સંકળાયેલા વિક્રમ સાખટ પર હુમલો કરી હાથ પગ ભાંગી નાખવાની ઘટના બની હતી. ૨૦૨૨માં અમદાવાદના નારોલ વિસ્તારમાં પોલીસની હાજરી પત્રકાર નીધી દવે પર જાન લેવા હુમલો થયો હતો.

નવેમ્બર ૨૦૨૨માં વડોદરાના સાવલી તાલુકામાં પત્રકાર પર જીવલેણ હુમલો કરાયો હતો. ૭ મે ૨૦૨૦ ના રોજ અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા અમદાવાદની ન્યૂઝ પોર્ટલ ફેસ ઓફ નેશનના સંપાદક ધવલ પટેલ વિરુદ્ધ સેડીશન - રાષ્ટ્ર દ્રોહનો ગુનો નોંધવામાં આવેલો. તેને વિદેશ ભાગી જવું પડ્યું હતું. જૂલાઈ ૨૦૨૦માં બનાસકાંઠા જિલ્લાના દિયોદરમાં પત્રકાર રાજેશ ગજ્જર ઉપર હુમલાની ઘટના બની હતી. ૨૦૧૯માં જામનગરમાં પત્રકાર સમીર અશોકભાઈ ગડકરી પર હુમલો કરાયો હતો. ડિસેમ્બર ૨૦૧૯માં નડિયાદના કનીપુરામાં પત્રકાર ગિરધારીભાઇ પર કેટલાક હુમલો કરવામાં આવ્યો હતો. નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવી હતી. ઓક્ટોબર ૨૦૧૯માં બનાસકાંઠાના રિપોર્ટર કુલદીપ પરમાર અને કેમેરામેન આકાશ પરમાર હુમલો કરાયો હતો. કુવારશી ગામમાં ભાજપના સ્થાનિક નેતા લક્ષ્મણ બારડની આશ્રમશાળાનો અહેવાલ આપ્યા બાદ તેના ભાઈ વદનસિંહે પત્રકારોનું અપહરણ કરીને નજીકમાં આવેલા ફાર્મહાઉસમાં લઈ ગયા હતા. જ્યાં માર માર્યો હતો.પોલિસના દમન બાબતે બનાસકાંઠામાં પત્રકારોએ કલેક્ટરને આવેદન આપ્યુ હતુ. મે ૨૦૧૯માં જૂનાગઢમાં પત્રકારો ઉપર પોલીસે કોઈ કારણ વગર અમાનવીય રીતે લાઠીચાર્જ કરી અને હુમલો કર્યો હતો. ૨૦૧૯માં જામનગરમાં એક બુટલેગરે પત્રકારના ઘર પર હુમલો કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આવેદનમાં જુનાગઢ પ્રકારમાં અધિકારીને તાત્કાલિક સસ્પેન્ડ કરવા અને જામનગરનાં બુટલેગર સામે તાત્કાલિક કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

# થોરાળામાં દેશીદારૂનો વેપલો ચલાવતા બુટલેગરો બેફામઃ પોલીસ પર પથ્થરમારો

## શેરીમાં પતરા લગાવી દેશી દારૂમાં વેપલો પુરજોશમાં કરતા હતાઃ પોલીસે પતરા હટાવતા મામલો બિચક્યોઃ બે મહિલા સહિત ત્રણની અટકાયત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

થોરાળામાં બુટલેગર દ્વારા પતરા નાખી, રસ્તો રોકી ત્યાં દારૂનો ખૂલ્લેઆમ વેપલો કરવામાં આવતો હોય પોલીસે જગ્યા રોકાણ શાખાની મદદ લઈ પતરા કબ્જે કરી રસ્તો ખોલાવતા ટોળું એકઠું થઇ ગયું હતું અને પોલીસ ઉપર ઈટોના ઘા કરતા નાશભાગ મચી જવા પામી હતી મહિલા કોન્સ્ટેબલને એક મહિલાએ હાથમાં બચકા ભરી લેતા વધુ બંદોબસ્ત મંગાવતા થોરાળા પીઆઈ સહિતનો કાફલો દોડી જતા ટોળા પૈકીના લોકોએ જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યાના આક્ષેપ સાથે પીઆઈનો ઘેરાવ કરી મહિલાએ મોબાઈલ પણ ઝુંટવી લીધો હતો અને એક શખસે એસીડ ગટગટાવી લેતા તેને હોસ્પીટલે ખસેડાયો હતો.

આ અંગેની માહિતી મુજબ શહેરના સામાકાંઠે થોરાળા શેરી નંબર ૬માં એક બુટલેગર દ્વારા રસ્તામાં પતરા નાખી રસ્તો બંધ કરી દીધો હોય અને ત્યાં પતરાની આડમાં દેશી દારૂનું વેચાણ કરતો હોવાની સચોટ બાતમી આધારે થોરાળા પોલીસ મથકના પીઆઈ ભાર્ગવસિહ ઝણકાતએ આ અંગે કોર્પોરેશનમાં ફરિયાદ કરી હતી અને જગ્યા રોકાણ શાખાની મદદ માંગતા મનપાનો સ્ટાફ દોડી ગયો હતો અને પતરા સહિતનું દબાણ હટાવી રસ્તો ખૂલ્લો કરાવ્યો હતો પતરા કબ્જે કરતા જ ટોળું એકઠું થઈ ગયું હતું ટોળા પૈકીના પાયલબેન, શામજીભાઈ, દિલો અને ચિરાગ સહિતનાઓએ ઈટોના છુટ્ટા ઘા કર્યા હતા અને સરકારી વાહનને પણ નુકશાન પહોચાડ્યું હતું ત્યારે ફરજ પર રહેલા મહિલા કોન્સ્ટેબલ એકતાબેન કિરીટભાઈ રાઠોડને એક મહિલાએ હાથમાં બચકું ભરી લીધું હતું અને ઈજા થતા સારવાર અર્થે સિવિલ હોસ્પીટલે ખસેડવામાં આવ્યા હતા.

પરિસ્થતિ કાબુ બહાર થઈ જતા પીઆઈ ઝણકાત સહિતનો વધારાનો સ્ટાફદોડી જતા ટોળાએ તેમના ઉપર પણ પથ્થરમારો કર્યો હતો પીઆઈએ જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યા હોવાનો ટોળાએ આક્ષેપ કરી પીઆઈનો ઘેરાવ કર્યો હતો અને એક યુવકે પીઆઈની હાજરીમાં જ એસીડ જેવું પ્રવાહી પી લીધું હતું તેને સારવાર અર્થે સિવિલ હોસ્પીટલે ખસેડવામાં આવ્યો હતો ત્યારે હાજર મહિલાએ અમને કેમ જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરો છો તેમ કહી પીઆઈના હાથમાંથી મોબાઈલ પણ ઝુંટવી લીધો હતો અને ટોળાએ ઝપાઝપી કરી હતી સાથી જવાનોએ પીઆઈને ટોળામાંથી મુક્ત કરાવ્યા હતા અને તોફાન કરતા શખસોને સકંજામાં લઈ તમામ સામે ફરજમાં રૂકાવટ સહિતનો ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી બનાવ બાદ વિસ્તારમાં ફરી કોઈ અનિચ્છનીય ઘટના ન થટે તે માટે પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

# મોરબી રોડ પર વૃજભૂમિ રેસીડેન્સીમાં સગર્ભાનું બેભાન હાલતમાં મોત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જુના મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસે આવેલ વ્રજભૂમિ રેસીડેન્સી-૨માં રહેતા સગર્ભા અચાનક બેભાન થઈ ઢળી પડતાં તેઓને સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતાં. ત્યાં ફરજ પરના તબીબે તેઓને મૃત જાહેર કરતાં પરિવારમાં અરેરાટી મચી ગઈ છે.

આ અંગેની માહિતી મુજબ સેટેલાઈટ ચોક પાસે વ્રજભુમિ રેસીડેન્સીમાં રહેતા કોમલબેન રવિભાઈ રાઠોડ નામના ૨૭ વર્ષના પરિણીતાને મોડીરાત્રે ગભરામણ અને ઉલટી થયા બાદ આજે વહેલી સવારે ચારેક વાગ્યે બેભાન થઈ ઢળી પડતાં તેઓને પરિવારજનો સિવિલ હોસ્પિટલે લઈ ગયા હતાં. ત્યાં ફરજ પરના તબીબોએ જોઈ તપાસી કોમલબેનને મૃત જાહેર કર્યા હતાં. આ બનાવની જાણ રાજકોટ રહેતા તેમના માવતર પિતા જેન્તીભાઈ ભલસોડને કરવામાં આવતાં તેઓ પણ સિવિલ હોસ્પિટલે પહોચી ગયા હતાં. દીકરીના મૃત્યુથી પરિવારમાં શોક છવાયો છે. કોમલ ચાર બહેન એક ભાઈમાં સૌથી નાની હતી. તેમના પતિને મોરબી જકાતનાકા પાસે સોમનાથ ડેરી નામે ધંધો કરે છે. તેમને રાત્રે ત્રણેક વાગ્યે ગભરામણ અને ઉલ્ટી થતાં પરિવારજનોએ આઈસ્ક્રીમ ખવડાવ્યો હોવાનું તેમના પતિ અને સસરાએ જણાવ્યું હતું. તેમજ તેમના લગ્નને ૯ મહિના થયા છે અને બે માસનો ગર્ભ હોવાનું જણાવ્યું હતું. કોમલનું મૃત્યુ હાર્ટ એટેકથી થયાની તબીબોએ પ્રાથમિક તપાસમાં જણાવ્યું હતું.

# રીક્ષામાં મુસાફરોના ખીસ્સા હળવા કરતી બેલડી પાસામાં ધકેલાય

## મોરબી રોડ પર ચોરાઉ રીક્ષા અને બાઈક સાથે કાયદાના સંઘર્ષમાં આવેલ ત્રણ બાળ આરોપી સહિત ચારની ધરપકડઃમાર્કેટયાર્ડ પાસ ઈનોવા કારમાં દેશી દારૂના જથ્થા સાથે બુટલેગર ઝડપાયો



**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં વયવૃધ્ધ અને પરપ્રાંતીય લોકોને રીક્ષામાં બેસાડી નજર ચૂકવી માલમતા સેરવી લેતી બેલડીને ભક્તિનગર પોલીસે પાસામાં જેલ હવાલે કરવામાં આવ્યા છે.

આ અંગેની માહિતી મુજબ અગાઉ ભક્તિનગર પોલીસે રીક્ષામાં મુસાફરોના ખીસ્સામાંથી નજર ચૂકવી રોકડ તથા મોબાઈલ સહિત કિંમતી માલસામાન ની ચોરી કરવાના ગુનામાં અગાઉ ભગવતીપરા મેઈન રોડ પર મહાનગરપાલીકાના આવાસના ક્વાર્ટરમાં રહેતો રફીક ઉર્ફે ભુરો હનિફ શેખ તથા ભગવતીપરા શેરી.૪માં રહેતો રમજાન ઉર્ફે રમજું ઉસેન રાઉમાં સહિત બે શખ્સોને દબોચી લીધા હોય ભક્તિનગર પોલીસે આ બંને તસ્કરોના પાસાના કાગળો તૈયાર કરી વડી ક્ચેરીએ મોકલાવતા પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે તેના મહોર લગાવી દેતા રફીક ઉર્ફે ભુરાને મહેસાણા જેલ અને રમજાન ઉર્ફે રમજુને અમદાવાદ જેલમાં પાસામાં ધકેલી દેવામાં આવ્યા છે.

જ્યારે એક બનાવમાં બીડીવીજન પોલીસના પીએસઆઈ કે.ડી.મારૂ હેડ કોન્સ્ટેબલ અજયભાઈ બસીયા તથા રાજેશભાઈ બાળા સહિતનો સ્ટાફ મોરબી રોડ પર વાહન ચેકિંગ ફરજ પર હતા ત્યારે કાયદાના સંઘર્ષમાં આવેલ ત્રણ બાળ આરોપી અને લાલપરી મફતિયાપરામાં રહેતો રાજેશ ગણેશ અઘારા નામના ચારેય શખ્સો ચોરાઉ બાઈક અને રીક્ષા સાથે નિકળતા પોલીસે ધરપકડ કરી રૂ.ત્રણ લાખનો મુમાલ કબ્જે કર્યો હતો.

જ્યારે ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમના પીએસઆઈ બી.વી.બોરીસાગર સહિતનો સ્ટાફ સંતકબીર રોડ પર પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ચોક્કસ બાતમીના આધારે માર્કેટયાર્ડના પુલ પાસેથી ઈનોવા કાર નંબર જીજે૩સીએ૭૬૭૬ નંબરની લઈ મહોસીન યાસીન મલેક (રહે.રસુલપરા કોઠારીયા સોલવન્ટ) નિકળતા પોલીસે તેને અટકાવી કારની તલાસી લેતા ૨૦૦ લીટર દેશી દારૂ મળી આવતા પોલીસે કાર સહિત રૂ.૧.૧૦ લાખનો મુમાલ કબ્જે કરી શખ્સની ધરપકડ કરી છે.

# રાજકોટ આર.ટી.ઓ. દ્વારા ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં ટ્રાફિક અવેરનેસ સેમિનાર યોજાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ RTO વિભાગ દ્વારા માર્ગ અકસ્માત ઘટાડવા માટે જળમૂળથી પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. જેમા ભાગરૂપે છ્ઝઘ દ્વારા જુદા જુદા ગામની શાળાઓમાં ટ્રાફિક અવેરનેસ માટે સેમિનારનું આયોજન કર્યું હતુ અને હજારો વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યુ હતું.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ છ્ઝઘ વિભાગના અધિકારી કે.એમ.ખપેડ સહિતના સ્ટાફે બે દિવસમાં રાજકોટ, ઉપલેટા અને ધોરાજીની શાળાઓમાં ટ્રાફિક અવેરનેસ સેમિનાર યોજી બાળકોને માર્ગ સલામતી અંગે જાગૃત કર્યા હતા. તેમજ રસ્તા પર કોઈ અકસ્માતમાં થવાય તો તેમની મદદ કેવી રીતે કરવી તે અંગે પણ જાણકારી આપી હતી. તે ઉપરાંત હિટ એન્ડ રનની યોજના અને હેલ્મેટ-સીટ બેલ્ટની મહત્વતા, લાયસન્સ કઈ ઉમરે કઢાવવું, ટ્રાફિક નિયમોનું પાલન કરવું કેટલું ફાયદાકારક છે તે તમામ મુદ્દાઓ પર સમજણ આપી હતી. ત્યારે બાળકો દ્વારા પણ છ્ઝઘ અધિકારીઓને સવાલ કરવામાં આવ્યા હતા. જેમ કે હેલ્મેટ અંગે થતી થોડી તકલીફો વિશે તેમજ માર્ગ પર વાહન ચલાવવા માટે શું કાળજી રાખવી જોઈએ તેના વિશે માહિતી મેળવી હતી.

# જંગલેશ્વરના આરએમસી કવાર્ટરમાં રિવોલ્વર સાથે બેલડી ઝડપાઈ

## ભક્તિનગર પોલીસે છ કાર્ટીસ સહિત રૂા.૩૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ભક્તિનગર પોલીસે પેટ્રોલીંગ દરમ્યાન જંગલેશ્વરમાં આર.એમ.સી. કવાટર પાસેથી એકટીવા સવાર બેલડીને રિવોલ્વર અને છ કાર્ટીસ સાથે ઝડપી લઈ પુછતાછ કરતા તેને બે દિવસ પહેલા તેના મિત્ર પાસેથી લીધાનુ રટણ કરતા પોલીસે ગુનો નોંધી બન્નેની ધરપકડ કરી વધુ એક આરોપીને ઝડપી લેવા મથામણ કરી હતી.

આ અંગેની માહિતી મુજબ જંગલેશ્વરમાં આર. એમ.સી કવાટર પાસે એકટીવામાં આવેલા બે શખસો પાસે હથીયાર હોવાની માહિતીને આધારે પી.આઈ મયુરધ્વજસિંહ સરવૈયા સહીતના સ્ટાફે પહોચી શંકાસ્પદ શખસોને અટકાવી પુછતાછ કરતા થોરાળા પાસેના મનહર સોસાયટીમાં રહેતો અને મજુરીકામ કરતો સોહીલ મજીદભાઈ પરમાર અને જંગલેશ્વર પાસેના રાધાકૃષ્ણસોસાયટીમાં રહેતો અને ઈલેકટ્રીકનુ છુટક કામ કરતો ઉદય દિનેશભાઈ જાખેલીયા હોવાનુ જણાવતા પોલીસે તલાસી લેતા એકટીવાની ડેકીમાંથી વેબ્લી રિવોલ્વર અને છ કાર્ટીસના ખોખા મળી આવતા પોલીસે બન્નેની ધરપકડ કરી તેની પાસેથી હથીયાર એકટીવા સહીત રૂ.૩૦ હજારની મતા કબજે કરી વધુ પુછતાછ કરતા તેને બે દિવસ પહેલા તેનો મિત્ર જંગલેશ્વરમાં રહેતો તેનો મિત્ર હેરી પાસેથી લીધાનુ રટણ કરતા પોલીસે હેરીને પકડવા દોડધામ કરી હતી.

# પથરીના દુઃખાવાને કારણે નર્સિંગ બ્રધર્સે જાતે બોટલ ચડાવતાં મોત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર ઘંટેશ્વર પાસે આવેલા શ્યામ એપાર્ટમેન્ટમાં રહેતા અને સિનર્જી હોસ્પિટલમાં નર્સિંગની નોકરી કરતા યુવકે પોતાના ઘરે પથરીના દુઃખાવા સબબ જાતે જ કોઈ બાટલો ચડાવતાં થોડી વાર બાદ બેભાન થઈ ગયો હતો અને તેમને પરિવારજનોએ સિવિલ હોસ્પિટલે સારવાર માટે ખસેડતાં તેમને ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. આ સમગ્ર બનાવમાં યુવકના મૃત્યુ પાછળનું કારણ જાણવા વિસેરા લઈ એફએસએલમાં મોકલાયા છે.

આ અંગેની માહિતી મુજબ ઘટેશ્વર નજીક શ્યામ એપાર્ટમેન્ટમાં રહેતા અને સિનર્જી હોસ્પિટલમાં નર્સિંગનું કામ કરતાં જીગ્નેશભાઈ પ્રવિણભાઈ પરવાડીયા નામના ૩૦ વર્ષના યુવકને આજે પથરીનો દુઃખાવો ઉપડતાં તેમણે કોઈ બાટલો લઈ જાતે જ ચડાવ્યો હતો અને થોડીવાર બાદ પોતાના ઘરે જ બેભાન થઈ ઢળી પડતાં તેમના પરિવારજનો અહિંની સિવિલ હોસ્પિટલે સારવાર માટે ખસેડયો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યો હતો. પોતે એક બહેનનો એકનો એક ભાઈ અને મોટો હોવાનું જાણવા મળ્યું છે. બનાવ પાછળનું કારણ જાણવા પોલીસે પોસ્ટ મોર્ટમ કરાવ્યા બાદ વિસેરા લઈ એફએસએલમાં મોકલ્યા હતાં. તેમજ પરિવારજનોમાંથી જાણવા મળ્યું હતું કે યુવક સિવિલ હોસ્પિટલમાં ઈન્જેકશન લેવા આવ્યા બાદ તેમની તબિયત લથડી હતી જો કે હાલ બનાવનું સ્પષ્ટ કારણ જાણવા પોલીસે તપાસ શરૂ કરી છે.

# ચોટીલામાં આર્થિક ભીંસથી કંટાળી મહિલાનો આપઘાતઃ અરેરાટી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચોટીલામાં આર્થિક પરિસ્થિતિ ને કારણે બે પુત્રીઓની માતાએ ગળેફાંસો ખાઈ મોતને ભેટતા સામાન્ય મિસ્ત્રી પરિવારમાં કલ્પાંત છવાઈ ગયો હતો

આ અંગેની માહિતી મુજબ ચોટીલા થાનરોડ નજીક જુની પોષ્ટ ઓફિસ પાછળનાં વિસ્તારમાં રહેતા ભાવેશભાઈ રતીભાઈ પરમાર (લુહાર મિસ્ત્રી) ના પત્ની સોનલબેન એ કોઈ ઘરના દરવાજા બંધ કરી પોતાની ચુંદડી વડે ઓસરીમાં પંખા સાથે લટકાઈ ફાસો ખાઈ આત્મઘાતી પગલું ભરી મોતને વ્હાલુ કરતા પોલીસે તપાસ હાથ ધરેલ છે.

આ અંગેની માહિતી મુજબ મરણ પામનારનાં પતિ પ્રાઈવેટ કારખાનામાં મજુરી કામ ઉપર હતા અને બે દિકરીઓ સ્કૂલ ગયેલ હતી તે સમયે આ પગલું ભરેલ જ્યારે તેના પતિ ઘરે આવ્યો ત્યારે ઘરનો દરવાજો અંદરથી બંધ હતો અને કોઈએ ન ખોલતા મકાન ઉપર થી અંદર થી ઉતરતા પત્ની લટતકી હાલતમાં જોતા સ્તબ્ધ બની ગયેલ હતા.

પોલીસની પ્રાથમિક તપાસમાં આર્થીક પરિસ્થિતી પોતાના સમાજ કરતા થોડી ખરાબ હેય જે મરણ પામનારને મનોમન લાગી આવતા પોતાની જાતે પોતાના રહેણાક મકાનની ઓસરીમાં પખા સાથે ચુંદડીથી ગળેફાસો ખાઈ આત્મઘાત કરી મરણ પામી હોવાનું જાણવા મળ્યું છે ત્યારે બે પુત્રીઓ અને નબળી આર્થિક પરિસ્થિતિની ચિંતામાં આત્મઘાતી પગલાં ને કારણે દશ અને સાત વર્ષ ની બે દિકરીઓ માતા વિહોણી બનતા લોકોમાં ગમગીની સાથે શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

# ઉપલેટાના ભીમોરા ગામની કરૂણ ઘટનામાં માતાના મોત બાદ માસુમ બાળકીએ દમ તોડયો

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટાના ભીમોરા ગામે બે દિવસ પૂર્વે આવેશમાં આવી પરિણીતાએ ૯ માસની પૂત્રીને એસીડ પીવડાવી પોતે પણ એસીડ પી લેતા તેણીનું ત્યારે જ મોત નીપજ્યું હતું જયારે બાળકીને સારવાર અર્થે રાજકોટ ખસેડાયો હતો આ અંગે પાટણવાવ પોલીસમાં હત્યાની કોશિષનો ગુનો નોંધાયો હતો પરંતુ સારવારમાં બાળકીનું મોત થતા હવે મૃતક માતા સામે હત્યાની કલમનો પણ ઉમેરો કરવામાં આવશે.



આ અંગેની માહિતી મુજબ ઉપલેટાના ભીમોરા ગામે રહેતા અને ખેતીકામ કરતા જગાભાઈ ગાંડાભાઈ મકવાણાએ પત્ની મનીષાબેન સામે પાટણવાવ પોલીસ સ્ટેશનમાં ૯ માસની પૂત્રી ધાર્મિને એસીડ પીવડાવી તેની હત્યા કરવાના પ્રયાસ અંગે ફરિયાદ નોંધાવી હતી ગત ૨૮ તારીખે પત્નીએ પૂત્રીને એસીડ પીવડાવી પોતે પણ એસીડ પી ફોન કરી બનાવ અંગે જાણ કરતા પરિવારજનો દોડી ગયા હતા જો કે પત્ની મનીષાબેનનું મોત થયું હતું જયારે પૂત્રીને ગંભીર હાલતમાં રાજકોટ ખસેડાયો હતો આજે સવારે તેનું પણ મૃત્યુ નીપજતા પોલીસ હવે મૃતક માતા સામે હત્યાની કલમનો ઉમેરો કરશે આવેશમાં આવીને પત્નીએ આ પગલું ભર્યુ હોવાનું પતિએ જણાવ્યું હતું.

# યુનિવર્સિટી રોડ પર નામચીન શખ્સ સહિત ત્રિપુટીએ બે યુવાનને મારમારી લૂંટ ચલાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શિવશકિત કોલોનીમાં રહેતા પ્રદ્યુમનસિંહ ગુલાબસિંહ જાડેજા ઉ.૪૦એ ઉમંગ ગોવિંદભાઈ પટેલ, અમન નેપાળી અને મિલન ખખ્ખર સામે યુનિવર્સિટી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત રાત્રે હું મિત્ર નરેન્દ્રસિહ રાણા સાથે બેઠો હતો અને સાડા બારે ઘરે જવા નીકળ્યો ત્યારે દેકારો થતા મિત્રની સ્કોર્પિયો પાસે થાર ગાડી પડી હોય અને ઝઘડો કરતા હોવાનું જણાતા હું ત્યાં ગયો હતો જૂની અદાવતમાં ઉમંગ ઝઘડો કરી મિત્રને ઢીકાપાટુનો માર મારી ગાળો બોલતો હોય તેને ગાળો બોલવાની ના પાડતા ત્રણેયે બહુ ચરબી વધી ગઈ છે કહી ખિસ્સું ફાડી ૨૨૦૦ લૂંટી લીધા હતા અને બંને મિત્રો ઉપર મીર્ચી સ્પ્રે છાંટી દેતા બળતરા થવા લાગી હતી અને છરી બતાવી અહીં ઉભા રહ્યા તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી હતી ૧૦૮ મારફત હોસ્પીટલે ખસેડાયા હતા અને આ અંગે ફરિયાદ નોંધાવી હતી.

જયારે મવડી પાળના કેબલ કનેકશનના ધંધાર્થી હર્ષ હિંમતસિહ ડોડીયા ગત ૨૬ તારીખે ભગતસિહ ગાર્ડન પાસે પોતાના જુના ઘરે મોટાબાપુના દીકરા કૃણાલભાઈ ટીફીન આપી ગયા હોય તે લઈને જતા હતા ત્યારે ઉમંગ પટેલએ અહીંથી કેમ નીકળ્યો કહી ગાળો ભાંડી ઝઘડો કર્યો હતો અને ફડાકા મારી દીધા હતા તે પછી સામું કેમ જોવે છે કહી ઝઘડો કરી લોખંડનો પાઈપ માથામાં મારી દીધો હતો અને લોહી નીકળવા લાગતા માથે પાણી ઢોળી મારા મિત્રને ફોન કરીને બોલાવ્યો હતો અને ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી સારવાર લીધી હોય હું ડરી ગયો હતો બાદમાં પરિવારે હિંમત આપતા અંતે ઉમંગ પટેલ સામે ફરિયાદ નોંધાવી હતી.

# ભગવતીપરામાં રૂ.દસ હજારની ઉઘરાણી પ્રશ્ને યુવાનને ધોકાવ્યોઃજ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યાની ફરિયાદ

## જુના મોરબી રોડ પર રિસામણે બેઠેલી પત્ની પર પતિનો છરી વડે હૂમલો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામાકાંઠે ભગવતીપરા અને જુના મોરબી રોડ પર બે મારામારીના બનાવો હોવાનું બી ડિવીજન પોલીસ મથકે નોંધાયું છે

આ અંગેની માહિતી મુજબ ભગવતીપરા મેઈન રોડ પર આવેલા જયપ્રકાશનગર માં રહેતો સંજય મીઠાભાઈ પરમાર નામનો અનુ. જાતિ યુવાન ગઈકાલે ભગવતીપરામાં સુખસાગર હોલ પાસે હતો. ત્યારે અગાઉ મીત્રતાના દાવે રૂપિયા દસ હજાર મોઈન અનુ જુણેજા પાસેથી લીધા હોય જે રૂપિયાની ઉઘરાણી કરી મોઈને ગાળોભાંડી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી ધમકી આપતા યુવાને બીડીવીજન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.જ્યારે એક બનાવમાં એક્તા સોસાયટી જંગલેશ્વરમાં રહેતી હુસેનાબેન હુસેનભાઈ કટારીયા નામની મહિલા જુના મોરબી રોડ પર સીટી સ્ટેશન પાસે તેના માવતરના ઘરે રીસામણે ગઈ હોય અને પતી હુસેન સતાર કટારીયા તેના પર ખોટા વહેમ કરી હેરાન કરતો હોય ગઈકાલે તેણીને તેડવા આવ્યો હતો. પરંતુ હુસેનાબેનને સાસરીયામાં જવું ન હોય જે બાબતનો ખાર રાખી હુસેને સાહેદ ફરિદાબેન અને આલુબેનને ધક્કો મારી પછાડી દઈ પત્ની પર છરી વડે હૂમલો કરી ઈજા કરી નાસી ગયો હતો. બનાવ બાદ બીડીવીજન પોલીસમાં ફરિયાદન નોંધાવતા પીએસઆઈ પી.બી.ત્રાજીયા એ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.